Since 1925...

જ્ઞાતિ પ્રવાહનું સાપ્તાહિક માધ્યમ

# ક.દ.ઓ. પ્રકાશ સમીક્ષા

C.D.O. PRAKASH SAMIKSHA

Visit us at www.prakashsamiksha.com
E-mail : kdo_prakash@yahoo.co.in

RNI રજી. બાદ વર્ષ : ૧૫ ● અંક : ૨૨ ● તા. ૨૬ મે થી ૧ જુન ૨૦૧૨ ● વાર્ષિક લવાજમ ₹ ૫૦ ● Regn.No.MH/MR/East/53/2012-14




## વ્યક્તિ વિશેષ

ગુફાઓમાં સચવાયેલ પ્રાચીન જૈન કલા વારસાનાં ગહન અભ્યાસ કરી ડોક્ટરેટ થનાર

## ડો. વિરાજ માણેકજી લોડાયા Ph.D. (Arch) (સાંયરા-પુના)

તેઓ પ્રાચીન જૈન કલા ઈતિહાસ અને પુરાતત્વશાસ્ત્રમાં ડોક્ટરેટ કરનારા જ્ઞાતિમાં પ્રથમ પ્રતિભા છે.





કચ્છી દશા ઓસવાલ જૈન જ્ઞાતિની મહિલા પ્રતિભાઓએ પરંપરાગત રીતે પુરુષોના મનાયેલા બધા ક્ષેત્રોમાં સાધિકાર પ્રવેશ કર્યો છે. એટલું જ નહીં તે ક્ષેત્રમાં પોતાનું વિશેષ સ્થાન પણ ઉભું કર્યું છે. આ ગૌરવવંતી યાદીમાં ડૉ. વિરાજ માણેકજી લોડાયા (સાંયરા-પુના)નું નામ પણ અગ્ર હરોળમાં લઈ શકાય એમ છે.

વિરાજબેને ગુફા કોતરણીરૂપે સચવાયેલા પ્રાચીન જૈન કલા વારસાનો ગહન અભ્યાસ કરી જે બે સચિત્ર દળદાર ગ્રંથ પ્રકાશિત કર્યા છે. એ સ્વયં તેમને આંતરરાષ્ટ્રીય કક્ષાના વિદ્વાન પુરાતત્વશાસ્ત્રી (આર્કીયોલોજીસ્ટ) તરીકે અંકિત કર્યા છે. ઈલોરામાંની જૈન ગુફા સિવાય પણ મહારાષ્ટ્રમાં અનેક સ્થળે જૈન કલાનો અમૂલ્ય વારસો છે એવું જગતભરના વિદ્વાનોના ધ્યાન પર લાવી જૈન ધર્મ અને જૈન સમુદાયની પણ એક વિશેષ સેવા બજાવી છે.

તેમણે શોધેલ કારકિર્દીનું ક્ષેત્ર અને કામગીરી કદાચ તેમને માત્ર નામ અપાવે તેવું મર્યાદિત નથી પણ તેમણે પોતે જે સંશોધન કરી રહ્યા છે તે કેટલું યશસ્વી નીવડશે તેની ચિંતા કર્યા વગર નિષ્ઠાથી જે સંશોધન કર્યુ છે તેની આછી ઝલક પણ તેમના પ્રત્યેના માનને વધારનાર બની રહેશે.

ડૉ. વિરાજ શાહ પ્રાચીન ભારતીય કળા સ્થાપત્ય, પ્રતિમાશાસ્ત્ર (આઈકોનોગ્રાફી) અને સામાજિક-ધાર્મિક ઈતિહાસમાં વિશેષ હથોટી ધરાવતા પુરાતત્વશાસ્ત્રી (આર્કીયોલોજીસ્ટ) છે. તેમણે પુનાના ડેક્કન કોલેજમાંથી પ્રાચીન ભારતીય સભ્યતા અને પુરાતત્વશાસ્ત્રમાં અનુસ્નાતક (માસ્ટર) ડિગ્રી મેળવવા સાથે મુંબઈ યુનિવર્સિટીમાંથી પણ ઈતિહાસ વિષયમાં માસ્ટરની ડિગ્રી મેળવી છે. તેમણે "મહારાષ્ટ્રમાંની જૈન ખડક કોતરકામવાળી ગુફાઓ : એક અભ્યાસ" એ વિષય પર ઊંડો અભ્યાસ કરી પીએચડીનો ખીતાબ પણ મેળવો છે. તેમણે કોતરણીવાળી મહારાષ્ટ્રની જૈન ગુફાઓનો જે અભ્યાસ કર્યો તે બે સચિત્ર આકૃતિ સભર ગ્રંથો રૂપે પ્રકાશિત થયા છે અને તેમને આંતરરાષ્ટ્રીય નામના અપાવી છે.

ડોક્ટરેટની ડિગ્રી મેળવ્યા બાદ તેમણે મધ્યકાલીન મહારાષ્ટ્રમાંની મંદિર સંસ્થા અને કોંકણના કાંઠા વિસ્તાર પરના પુરાતત્વીય અવશેષો વિશે અભ્યાસ કરીને સારી નામના મેળવી છે. પોતે તાલીમ પામેલ પુરાતત્વશાસ્ત્રી હોવાથી તેમણે અનેક ઉત્ખનન તથા શોધખોળોમાં ભાગ લીધો છે. સંશોધન માટે તેમને અનેક નામી શૈક્ષણિક સંસ્થાઓની ફેલોશીપ અને ઉચ્ચ સ્તરીય શિષ્યવૃતિ મળી છે.




પુણે અને મુંબઈની ઘણી શૈક્ષણિક સંસ્થાઓમાં પુરાતત્વશાસ્ત્ર તેમજ પ્રાચીન ભારતીય સભ્યતાના પાસાઓ ભણાવનારા વિરાજબેન અત્યારે પુનાની "ફાઉન્ડેશન ફોર લિબરલ એન્ડ મેનેજમેન્ટ એજ્યુકેશનમાં આસીસ્ટન્ટ પ્રોફેસર તરીકે સેવા આપી રહ્યા છે.

આ અલગ જ વિષયમાં નવી કેડી કંડારી આંતરરાષ્ટ્રીય સ્તરીય સફળતા મેળવવા બદલ વિરાજબેનને પ્રકાશ-સમીક્ષા પરિવાર અને સમગ્ર જ્ઞાતિ તરફથી ખૂબ ખૂબ અભિનંદન અને આ ક્ષેત્રે વધુ યશસ્વી થવા શુભેચ્છાઓ...

તેમના સંપર્ક ફોન નં. 09850918959 છે.

## હાર્દિક અભિનંદન !



**હર્ષ હીરેન નરશી ધરમશી**
(સુથરી-મુલુંડ)

ચિ. હર્ષે M.S. (Regulatory in Drug affairs, Biologicals & Medical devices)બોસ્ટન (USA)ની North Eastern Universityમાંથી પાસ કરેલ છે. તે બદલ હાર્દિક અભિનંદન અને ઉત્તરોતર પ્રગતિની શુભેચ્છા...

❋ શુભાશિષ ❋

માતુશ્રી રતનબાઈ નરશી દેવણાંધ ધરમશી પરિવાર
(સુથરી)

માતુશ્રી સ્વ. વનિતાબેન ભાઈચંદ નરપાલ ખોના પરિવાર
(નલીયા)

## હાર્દિક અભિનંદન !



**ચિ. નિકેત સુશીલ ખોના**
(સાંયરા-જલગામ)

ચિ. નિકેત B.E. (Mechanical) First Class પાસ કરી ઉચ્ચ શિક્ષણ માટે Clevaland (USA) સ્થિત Case Western University માં MEM કરવા ગયેલ છે તેના ઉજ્જવલ ભવિષ્ય તથા ઉત્તરોતર પ્રગતિ માટે અંતરની શુભેચ્છા.

❋ શુભાશિષ ❋

દાદાણાં : માતુશ્રી સ્વ.ચંદનબેન લક્ષ્મીચંદ ખોના પરિવાર (જલગામ)
નાનાણાં : માતુશ્રી રતનબાઈ નરશી ધરમશી (મુલુન્ડ)
માતા-પિતા : સૌ. ભારતી સુશીલ ખોના (જલગામ)
એવમ સમસ્ત શાહ અને ધરમશી પરિવાર

## જ્ઞાતિનું ગૌરવ - હાર્દિક અભિનંદન



**શ્રી પ્રબોધ હીરાચંદ મુનવર**
(કોઠારા-ભુજ)

કચ્છના કર્મઠ કાર્યકર શ્રી પ્રબોધભાઈને તેમની આજપર્યંત જરૂરતમંદોની માનવતાભરી સામાજિક, તબીબી અને જીવદયા-ધાર્મિક સેવાઓની કદરરૂપે ગુજરાત સરકારે તેમને પ્રતિષ્ઠત સેવા એવોર્ડ, સુવર્ણપદક અને અમુલ્ય પુરસ્કારથી નવાજયા છે. જે બહુમાન જ્ઞાતિનું એક આદર-ગૌરવ છે.

આ જ્વલંત સિધ્ધિ બદલ હાર્દિક અભિનંદન અને યશસ્વી ભાવિની શુભેચ્છાઓ...

**અનુમોદના-શુભેચ્છા**

**શ્રી લબ્ધિકુમાર ભવાનજી મોમાયા**
(સામાજિક કાર્યકર)
**ભલારાદાદા એસ્ટેટ એજન્સી-ગાંધીધામ**

## -: અગત્યની સુચના :-

### શૈક્ષણિક પરિણામો

જ્ઞાતિનાં ધો.૧૦-૧૨ અને તેથી ઉપરના શૈક્ષણિક પરીણામોની એક નકલ પુરૂં નામ, મૂળ અટક, હાલનું ગામ અને કોર્સ તથા ટકાવારી ગુણાંક લખી મોકલવા આમંત્રણ છે. માત્ર S.S.C. અને તેથી ઉપરના બધાના પરિણામ છપાશે પણ માત્ર ૬૫% અને તેથી ઉપરના છાત્રોએ જ ફોટા મોકલવા. અથવા તો કોઈ વિશેષ સિધ્ધિ હોય તો ફોટા આપી શકાશે જે નિશુલ્ક છપાશે. એ સિવાય અગર કોઇને પરીણામ સંબંધી ગૌરવ-અભિનંદન અને નામો આપવા હોય તો જા.ખ.રૂપે આપી શકાશે. પરીણામો સમયસર મોકલવા. એસ.એસ.સી.થી નીચેના ધોરણના પરીણામ મોકલવા નહીં. સિવાય કે વિશેષ સિધ્ધિ હોય તેમનાજ પરીણામ મોકલવા.

### જાહેરાત દર

| સાઈઝ | સાઈઝ cm. | B/W | રંગીન |
|---|---|---|---|
| આખું પાનું | 160x225 | ૩૦૦૦ | ૬૦૦૦ |
| અડધું પાનું | 160x112 | ૧૫૦૦ | ૩૦૦૦ |
| પા પાનું | 77x112 | ૭૫૦ | ૧૫૦૦ |
| ૧/૮ પાનું | 77x55 | ૪૦૦ | - |
| ૧/૧૬ પાનું | 77x27 | ૨૫૦ | - |

જા.ખ. મોકલનારે બીલ માટે નામ, સરનામું અને ફોન નં. જરૂર મોકલવા.

| આદ્યતંત્રીઓ |
|---|
| **"પ્રકાશ"** |
| ડો. વેલજી પાશ્વીર ગોસર |
| **"સમીક્ષા"** |
| સનત્ શાહ અને |
| ગોવિંદજી જીવરાજ લોડાયા |
| **"પ્રકાશ સમીક્ષા"** |
| સનત્ શાહ |

**: તંત્રી :**
રાયચંદ આર. નાગડા
**: સહતંત્રી :**
ચંપક જીવાણી

**: કાર્યાલય :**

**પોસ્ટ/કુરીઅર પત્રવ્યવહાર માટે સરનામું**
**C/o. Shri. R. R. Nagda,**
**29/41, Tamarind Lane,**
**Behind Poornima Restaurant,**
**Rajabahadur Comp,**
**Nr.Stock Exchange Bldg,**
**Fort, Mumbai - 400 001.**
**સમય** : બપોરે ૧ થી ૪ ફક્ત
શનિ./રવિ. અને જાહેર રજાના બંધ

**ચાલુ અંક માટે મેટર સ્વીકાર માત્ર મંગળવાર સુધી**


**જાહેરાત દર**

| સાઈઝ | B/W | રંગીન |
|---|---|---|
| આખું પાનું | ૩૦૦૦ | ૬૦૦૦ |
| અડધું પાનું | ૧૫૦૦ | ૩૦૦૦ |
| પા પાનું | ૭૫૦ | ૧૫૦૦ |
| ૧/૮ પાનું | ૪૦૦ | – |
| ૧/૧૬ પાનું | ૨૫૦ | – |


**પ્રકાશ-સમીક્ષા હવે નેટ પર...**
www.prakashsamiksha.com
E-mail:kdo_prakash@yahoo.co.in


નોંધ: આ પત્રમાં પ્રકાશિત થતા લેખકોના સ્વતંત્ર અભિપ્રાય/મંતવ્યો સાથે તંત્રીમંડળ સહમત જ છે એમ માનવું નહીં. તેમજ આરોગ્યને લગતા લેખો કે કોઈ જાહેરાતોમાં કરવામાં આવતા દાવાઓ/વિધાનો અંગે પ્રકાશ-સમીક્ષા સમિતિની કોઈ જવાબદારી નથી.


## જૈનોનો ભવ્ય ભૂતકાળ

*- શ્રીયુત બી. એન. મૈશેરી*

*(આજથી અંદાજે ૭૫ વર્ષ પુર્વે પ્રકાશિત થયેલ આ લેખ તે સમયના જ્ઞાતિ ઈતિહાસની વાતો રજુ કરવાની અને તેમાંથી કઈંક પ્રેરણા લેવાની ભાવનારૂપે માત્ર અત્રે પુનઃપ્રસ્તુત કરેલ છે.)*

**લેખકની પ્રસ્તાવના :** (ભારતના ભવ્ય ભૂતકાળના ચિરંજીવ ઈતિહાસપર દૃષ્ટિ કરતાં જૈન ધર્મનો ઉજજવળ ઈતિહાસ તરી આવે છે. આર્ય સંસ્કૃતિ દ્વારા સમૃધ્ધ બનેલી સુવર્ણ ભારતની કર્મભૂમિ પર જૈન ધર્મના પ્રબુદ્ધ પ્રણેતાઓએ પાડેલી છાપ અપૂર્વ અને ચિરસ્થાયી છે. **"અહિંસા પરમો ધર્મ"**ના શાશ્વત સિધ્ધાંતે બ્રામ્હણ ધર્મ પર ઉપકારક અસર કરી છે, એ વાત હવે અજાણી નથી. જગતની જનસંખ્યામાં જૈનો ભલે ખોબા જેટલા છે તદપિ તેનો પ્રભાવ, તેની સાહિત્ય રસિકતા, તેના આદર્શો અને તેની શક્તિએ જગતના આધ્યાત્મિક વિકાસ પર મહોર મારી છે. ન્યાય અને તર્કના મંથનમાં જૈનબુદ્ધિએ મહત્વતા મૂકી છે. આજે એની વસ્તીનો મોટો ભાગ જોકે કચ્છ, કાઠિયાવાડ, ગુજરાત અને મારવાડમાં છે તદપિ તેની શક્તિ અને સમૃધ્ધિનો વિસ્તાર તો જગતના ખંડેખંડમાં પથરાયેલો છે. મહાગુજરાતના ઈતિહાસમાંથી જો જૈનોને હઠાવી લઈએ તો મને લાગે છે કે એ ઈતિહાસ લુખો થઈ જાય! ગુર્જર સાહિત્યના વિકાસમાંથી જો જૈનોની કલમના મોતી ઉપાડી લઇએ તો એ સાહિત્ય ગરીબ લાગે. જૈનોનું સાહિત્ય આજે જેટલું સૂર્યના પ્રકાશમાં છે તેથી વધારે તો એમના ભંડારાઓમાં અંધકાર સેવતું પડ્યું છે.

સાહિત્યમાં જૈનોએ કેવો સમૃદ્ધ ફાળો અર્પણ કરેલો છે તેનો ખ્યાલ મારા મિત્ર શ્રી. મોહનલાલ દલીચંદ દેશાઈ કૃત **"જૈન ગુર્જર કવિઓ"** નામક પુસ્તકમાંથી મળી રહે છે. શ્રી મોહનલાલે આ પુસ્તક લખીને ખરેખર જૈન સમાજની અપૂર્વ સેવા કરી છે. આ ઉપરાંત જૈન સમાજના પ્રબુધ્ધ રત્નો પં. સુખલાલજી, મુનિશ્રી જીનવિજયજી, પં. લાલન, પં. બેચરદાસ વિગેરેના મનનીય લેખોએ જૈનધર્મની ઢંકાયેલી સમૃદ્ધિને અજવાળે આણી, જૈન ધર્મની મહત્તા અને માન વર્ધાર્યાં છે. જૈન ધર્મ, એના આદર્શો અને એના સાહિત્યકારોની વધુ પીછાન થઈ એનો વધુ પ્રચાર થાય એ આશયથી જૈન ઈતિહાસની કેટલીક મુખ્ય કડીઓ આ સ્થળે રજુ કરૂં છું. યરોડા જેલના મારા નિવાસ દરમ્યાન મારા પરમ મિત્ર શ્રી. કનૈયાલાલ મુન્શીના સંસર્ગથી મારા વાંચવામાં આવેલ અનેક પુસ્તકો પરથી મેં કરેલ તારણ તે આ લેખ છે.)

હિન્દુ ધર્મમાં જેમ ૨૪ અવતારોની માન્યતા છે તેમ જૈન ધર્મમાં ચોવીસ તિર્થંકરોની ગણના છે આમાંના આદિપુરૂષ શ્રી આદિનાથ ઉર્ફે ઋષભદેવજી છે જેમને બ્રાહ્મણો પણ વિષ્ણુના ચોવીશ અવતાર માંના એક તરીકે સ્વીકારે છે, અને એમના અદ્‌ભુત વૈરાગ્યની તથા પરમહંસ વૃત્તિની બહુ પ્રશંસા કરે છે. શ્રી ઋષભદેવજી અને બીજા વીસ તીર્થંકરો ઘણ; પ્રાચીનકાળમાં થઈ ગયેલા મનાય છે. બાવીસમા, નેમીનાથજી તે શ્રીકૃષ્ણના પૈતૃક ભાઈ સોરાષ્ટ્રના ગિરનાર પર્વત પર સિધ્ધિ પામ્યા.

ત્રેવીસમા પાર્શ્વનાથ એ કાશીના અશ્વસેન રાજાના કુમાર; જેમણે ૭૦ વર્ષ સુધી જૈન ધર્મનો ઉપદેશ કર્યો. એમનો સમય વિ.સ. પૂર્વે ૭૬૧ થી ૬૬૧ (ઇ.સ.પૂર્વે ૮૧૭ થી ૭૧૭) અને શ્રી મહાવીર સ્વામીની પહેલાં ૨૫૦ વર્ષ.

શ્રી પાર્શ્વનાથને ઐતિહાસિક વ્યક્તિ તરીકે જર્મન પ્રોફેસર ડો. હર્મન જેકોબી અને બીજાઓએ હાલની શોધખોળથી સ્વીકારેલ છે. ડો. સર ભંડારકરે શ્રી નેમીનાથજીને પણ ઐતિહાસિક વ્યક્તિ તરીકે સ્વીકારેલ છે. આથી એ સિધ્ધ થાય છે કે ગુજરાતમાં જૈનોનો સંબંધ શ્રી નેમીનાથજી પહેલાંનો હતો.

શ્રી મહાવીર પહેલાં ચાતુર્યામ સંવરવાદ સ્થાપિત હતો; તે ચાર યમ એટલે અહિંસા, સત્ય, અસ્તેય અને અપરિગ્રહ : આ ચાર યમનો શ્રી પાર્શ્વજિન ઉપદેશ કરતા પાછળથી અપરિગ્રહનો સંપૂર્ણ રીતે અર્થ ન પાળતાં શ્રી મહાવીર સ્વામીએ સ્પષ્ટતા ખાતર "અપરિગ્રહ" ના વધારામાં "મૈથુન વિરતિ" એ પાંચમો યમ ઉમેરી પંચવ્રત રૂપે ઉપદેશ્યો.

નિર્ગ્રંથ મહાવીર અને શ્રમણ બુધ્ધ બન્ને સમકાલીન હતા. બન્ને નિર્વાણવાદી મહાપુરૂષો હતા. બન્નેનું લક્ષ્ય એક છતાં સાધના માટેની પ્રવૃતિઓ ભિન્ન હતી. જે વખતે બ્રાહ્મણોની સ્વાર્થવૃતિયે સમાજની સ્થિતિ બગાડેલી હતી. તે વખતે ભગવાન શ્રી મહાવીરે ઉપદેશ કર્યો કે-(૧) બધા જીવો આયુષ્યને અને સુખને ચાહે છે. દુઃખ અને મરણ સૌને અપ્રિય છે. સૌ કોઈ જીવવાની પ્રીતિવાળા છે. માટે જીવો અને જીવવા દો. (૨) બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય અને શુદ્ર એ ઉપનામો માત્ર ક્રિયાજન્ય છે. અને તેથી શાસ્ત્ર શ્રવણ તેમજ આચરણનો સૌને સમાન હક્ક છે. ઉચ્ચ તે છે, કે જે આત્માનું સ્વરૂપ ઓળખી અહિંસા કર્મને વિશિષ્ટ માને. (૩) આત્મ બલિદાન એ યજ્ઞ છે. (૪) લોક પ્રવાહને અનુસરશો નહિ. (૫) આત્મનો ઉધ્ધાર આત્મા પોતેજ સ્વબળથી કરી શકે છે ને તેથી પરમાત્મા બની શકે છે અને તેમ કરવા માટે આત્મબળથી સમ્યકદર્શન, સમ્યકજ્ઞાન અને સમ્યકચારિત્રથી જીવને લાગેલાં કર્મોનાં આવરણ દૂર કરવાં જોઈએ. એ ત્રણ રત્નનો સામુદાયિક માર્ગ એજ મોક્ષમાર્ગ છે. આ વડે જૈન ન હોય છતાં અન્ય લિંગે કોઈપણ મનુષ્ય સિધ્ધ થઈ શકે. (૬) સર્વ સિદ્ધાત્મા પરમાત્મા છે-ઈશ્વર છે અને એ રીતે ઈશ્વરનું અસ્તિત્વ છે. પણ જગત્કર્તા કે ફલદાતા એવા ઈશ્વરનું સ્થાન નથી. આત્મા પોતેજ પોતાનાં કર્મનો કર્તા અને ભોક્તા છે. શ્રી મહાવીરે "ડીમ્ ડીમ્" નાદથી મોક્ષનો એવો સંદેશો ફેલાવ્યો કે-ધર્મ એ માત્ર સામાજિક રૂઢિ નહિ પણ વાસ્તવિક સત્ય છે. સાંપ્રદાયિક-બાહ્ય ક્રિયાકાંડ પાળવાથી મોક્ષ પ્રાપ્તિ થતી નથી, પણ સત્ય ધર્મના સ્વરૂપનો આશ્રય લેવાથી થાય છે. ધર્મમાં મનુષ્ય મનુષ્ય વચ્ચેનો ભેદ સ્થાયી રહી શકતો નથી."

શ્રી મહાવીરસ્વામીનો ઉપદેશ લોકભાષામાં અપાતો અને તેઓ કર્મના ઉદય પ્રયોગે વિચરનારા, અત્યંત વાચંયમ (મિતભાષી) ઉત્કટ અને કડક ચારિત્રનું પાલન કરનારા (આપદ્ધર્મને નામે પણ બારી ન રાખનારા) હતા. મન, વચન અને કાયાના તેઓ સાચા સ્વામી હતા. તેમણે આંખો બને તેટલી નિર્નિમેષ રાખી, ધ્યાન સેવી, અચલેક રહી, લોકલજ્જાને જીતી ઘણા લાંબા સમય સુધી આરણ્યક બની આકરાં ટાઢ, તાપ, ભુખ અને તરસ સહન કર્યા હતાં.

જેમ મહાવીર તીવ્ર માર્ગના ઉપાસક હતા, તેમ બુદ્ધ ઉગ્ર તપસશ્ચર્યાનો ત્યાગ કરી મધ્યમાર્ગે જનારા હતા. તેમણે પોતાના માર્ગમાં લોકોના વ્યાવહારિક શ્રેયને પ્રથમ સ્થાન આપ્યું હતું. મહાવીરે લોકોનો સંસ્પર્શ સુધ્ધાં છોડ્યો હતો અને અનેક સાધનો દ્વારા લક્ષ સાધી શકાય એવા અનેકાંત ઉપદેશનો, સ્યાદ્વાદ તત્ત્વજ્ઞાનનો ઉપદેશ કર્યો હતો. તેમના માર્ગમાં વિનય, સ્વાધ્યાય, ધ્યાન, નગ્નતા કે સવસ્ત્રતા તપ, નિરાહારાદિ દરેકને સ્થાન હતું. એટલે દરેક સાધનથી આત્મસ્વાસ્થ્યનું લક્ષ સાધી શકાય; તેમાં એકદેશીયતા નહોતી. અહિંસા, સંયમ અને તપરૂપ ધર્મ એ ઉત્કૃષ્ટ મંગળ છે. (આચારાંગ સૂત્ર વાંચવા યોગ્ય છે.)

બ્રાહ્મણોને હાથે યજ્ઞયાગાદિમાં થતી હિંસા અટકાવવા માટે મહાવીર અને બુધ્ધ એ બન્ને ક્ષત્રિય વીરોએ ઝંડો ઉઠાવ્યો હતો.

આર્ય પ્રજામાં જાતિ મત્સરને પરિણામે જડ થયેલ વર્ણો તથા વર્ણસંકર જ્ઞાતિના અનેક ખંડો તથા વર્ણભેદનાં અનિષ્ટ બંધારણોનો નિષેધ કરી એકજ જ્ઞાતિ સંઘની સ્થાપના કરી. જૈનધર્મના આ મહામંડળ "સંઘ"ના ચાર વિભાગ છે. સાધુ, સાધ્વી, શ્રાવક અને શ્રાવિકા. મહાવીરના સિધ્ધાંતનો અનુયાયી આ સંઘનો સભાસદ થઈ શકે અને તે સંઘના સર્વ માણસો સાથે સમાન વ્યવહાર રાખી શકે.

જૈન નિર્ગ્રંથો અને બૌદ્ધ શ્રમણોમાં સાધુતા, ઉગ્ર તપશ્ચર્યા અને નિઃસ્વાર્થ લોકવૃત્તિ તરવરતી હતી. સર્વને સમાન ગણવા અને સર્વ જીવો તરફ દયા રાખવી એ સત્ય સિધ્ધાંતો જૈન અને બૌદ્ધના હતા. અને એમણે "અહિંસા પરમો ધર્મ" એ સુત્રનો પ્રચાર કર્યો.

લોકમાન્ય તિલકે એક સ્થળે કહ્યું છે કે "જૈનોના અહિંસા પરમો ધર્મના ઉદાર સિધ્ધાંતે બ્રાહ્મણ ધર્મ પર ચિરસ્થાયી છાપ મારી છે. યજ્ઞાર્થે થતી ભયંકર હિંસાથી બાહ્મણો આજે મુક્ત છે. તેનો યશ જૈન ધર્મને છે."

મુસલમાનોના આક્રમણ વખતે બૌદ્ધ મઠો તુટ્યા, જ્યારે જૈનો ગુજરાત આદિ સ્થળોમાં પોતાનું અસ્તિત્વ ટકાવી-જાળવી શક્યા.

શ્રી મહાવીરના સમયમાં ગ્રંથરચના સંસ્કૃતમાં થતી. પણ લોકભાષા પ્રાકૃત હતી. અને મહાવીર તથા બુધ્ધ પ્રાકૃત ભાષામાંજ ઉપદેશ કરતાં. આ ભાષા ખરી રીતે માગધી-પાલીના મિશ્રણ સાથે અર્ધમાગધી યા મહારાષ્ટ્રીય પ્રાકૃત ભાષા ગણાય છે.

શ્રી મહાવીરના ૧૧ મુખ્ય શિષ્યો હતા અને તે બધા બ્રાહ્મણો હતા. તેઓ ગણધર એટલે કે મુનિઓના ગણના ધારક-ઉપરી કહેવાય છે. આમાંના નવ શ્રી મહાવીરની હૈયાતીમાંજ નિર્વાણ પામેલા; બાકીના બે તે ગૌતમ-ઇંદ્રભૂતિ અને સુધર્મા.

સુધર્માએ "અંગો" ગુંથી શ્રી મહાવીરનો ઉપદેશ જાળવી રાખ્યો. જૈન ધર્મનાં સૌથી પ્રાચીન ગ્રંથો "અંગો" કહેવાય છે. અને તેની સંખ્યા બારની છે. બારમું અંગ

**દૃષ્ટિવાદ**; તેમાં ચૌદ "પુર્વો"નો સમાવેશ થાય છે. તે પાછળથી લુપ્ત થએલું છે. તેમાં દર્શન સંબંધી વિવાદો, ચમત્કારિક વિદ્યાઓ આદિ હતી. આચારંગ આદિ બાકીના અગીઆર અંગોને શ્વેતાંબરો હજી સુધી કેટલેક અંશે જાળવી શક્યા છે.

શ્રી મહાવીર પછી ત્રણ "કેવલી" (પૂર્ણ જ્ઞાનવાન) આચાર્યો થયા તે ગૌતમ-ઇંદ્રભૂતિ, સુધર્મા અને તેના શિષ્ય જંબુસ્વામી હતા. તેઓના સમય સુધી એટલે વીરાત્ પ્રથમ શતક સુધી સર્વ સિદ્ધાંત તેમજ ત્યાગની કડકાઈ આબાદ રહ્યાં. ત્યારબાદ ધીમે ધીમે તે કંઠસ્થ થતાં, કાળક્રમે ભિન્ન ભિન્ન દેશની ભાષાના સંસર્ગથી સ્મૃતિ ભ્રંશને લીધે અને ઉચ્ચાર ભેદને લીધે પરિવર્તન પામતાં ગયાં.

વીરાત્ બીજી સદીમાં મગધમાં નંદરાજાના સમયમાં બાર વર્ષનો મહાભીષણ દુષ્કાળ પડતાં, સંઘનો નિર્વાહ મુશ્કેલ થતાં કંઠસ્થ રહેવું, ધાર્મિક સાહિત્ય લુપ્ત થવાનો ભય ઉભો થયો તેથી સુકાળ આવતાંજ પાટલીપુત્ર (પટણા)માં સંઘ ભેગો થયો ને જે જે યાદ હતું તે એકત્રિત કર્યું. આ પાટલીપુત્ર પરિષદમાં આચારંગાદિ ૧૧ અંગો સધાયાં, અને બારમું દૃષ્ટિવાદ નામનું અંગ લગભગ નાશ થવા જેવું હતું. કારણ કે તેના અભ્યાસી માત્ર ભદ્રબાહુ સ્વામીજ હતા અને તેઓ આ વખતે શિષ્યો સહ દક્ષિણમાં વિચરતા હોવાથી તે એમજ રહી ગયું. ચંદ્રગુપ્ત રાજા શ્રી ભદ્રબાહુનો અનુયાયી હતો.

શ્રી ભદ્રબાહુએ "અંગો" પર ટીકા રૂપે તેમજ પૂર્વમાંથી નિર્યુકિતઓ રચી અને જ્યોતિષ પર સંહિતા લખી તેમજ પૂર્વમાંથી વિશિષ્ટ ગ્રંથોની રચનાનો પ્રારંભ કર્યો.

વીરાત્ બીજા અને ત્રીજા સૈકામાં બૌદ્ધ ધર્મને વિશેષ અનુકુળતા મળી. રાજા અશોક બૌદ્ધ મતનો અનુયાયી થતાં મધ્યસ્થ બૌદ્ધ મતનો પ્રચાર વધ્યો; બૌદ્ધ મઠો સ્થપાયા અને બૌધ્ધ શ્રમણો પ્રચારાર્થે ચારે તરફ નીકળી પડ્યા.

બૌધ્ધ શ્રમણો લોકોમાં ફરીને દરદીઓને દવા આપતા, દુઃખી દીનોને સહાય કરતા, અને પશુપક્ષીના રોગોની ચિકિત્સા કરતા, વિદ્યાર્થીઓને વિદ્યાદાન દેતા અને આરોગ્ય સમિતિના કામમાં સહાય કરવી ચુકતા નહિ. (હાલની "મુક્તિફોજ" અને "સોસાયટી ઓફ જીસસ" બૌધ્ધોનું અનુકરણ છે) આની અસર જૈનો પર થઈ. અને જંબુસ્વામી પછી "જિનકલ્પ" (શ્રી મહાવીર સ્વામીનો કડક આચાર) વિછિન્ન થયો. આચારમાં નરમાશ આવી; વસતિવાસ સ્વીકારાયો; વસ્ત્ર, પાત્રો આદિ ઉપકરણો થયાં; તેની ઉપયોગિતાને સંમતિ અપાઈ, ઉપદેશ, ગ્રંથરચના, નિમિત્ત, મંત્રાદિ દ્વારા નિરીહભાવે લોકોની નિર્દોષ સેવા કરવા જૈન શ્રમણો પ્રેરાયા. (આમાં તેઓનો શુધ્ધ આશય મહાવીરના સિધ્ધાંતોનો પ્રચાર કરવાનો હતો.) અચેલક અને સચેલકવાદનાં તત્ત્વ શ્રી મહાવીરના સમયમાં હતાં તેનું બીજ રોપાયું. આ બીજને ઉજ્જયિનીના રાજા સંપ્રતિ (સમ્રાટ અશોકના પુત્ર) ના સમયમાં વધુ પુષ્ટિ મળી. રાજા સંપ્રતિના સમયમાં આર્ય મહાગિરિ અને આર્યસુહસ્તિ થયા. આર્ય મહાગિરિ જિન કલ્પનો સ્વીકાર કરી સંઘથી દુર થયા. ત્યારે આર્યસુહસ્તિએ સ્થવિર કલ્પમાં રહીને સંપ્રતિ રાજાને પ્રતિબોધ્યો. સંપ્રતિયે અનેક જિનમંદિરો બંધાવ્યાં અને જૈન ધર્મના પ્રચાર અર્થે ખુબ પ્રયાસો કર્યા. આર્યસુહસ્તિ વીરાત્ ૨૯૧માં અવસાન પામ્યા. (વિસં.પૂર્વે ૧૭૯) આ વખતે ઉજજયિની જૈનો નું કેન્દ્રસ્થાન હતું. વીરાત ૪૭૦થી વિક્રમ સંવત્ ચાલુ થયો.

વિક્રમના સમયમાં આર્યમંગુ, વૃદ્ધવાદી, સિદ્ધસેન દિવાકર અને પાદલિપ્તસૂરી થયા. પાદલિપ્તે તરંગલીલા (તરંગવતી) નામક અદ્‌ભુત અને સુંદર કથા પ્રાકૃતમાં રચી તેમજ જૈનશિલ્પ પર નિર્વાણ કલિકા નામક પુસ્તિકા સંસ્કૃતમાં રચી. સિધ્ધસેન દિવાકર મહાતાર્કિક અને ન્યાયના પંડિત થયા. (મુળ તે બ્રાહ્મણ હતા) તેમણે સંસ્કૃતમાં સર્વ પ્રાકૃત સૂત્રોનું ભાષાંતર કરવાનો વિચાર કર્યો, પણ તેમનો તે વિચાર તેમના ગુરુ વૃધ્ધવાદી અને સંઘને પસંદ ન આવતાં તેઓએ તેમને "સંઘ બહાર"ની શિક્ષા કરી. અને પ્રાયશ્ચિતમાં અઢાર દેશનાં રાજાઓની સભા જીતવાનું ફરમાન કર્યું. શ્રી સિધ્ધસેન દિવાકર અઢાર રાજાઓની સભા જીતી ફરી સંઘમાં દાખલ થયા. સિધ્ધસેન દિવાકરે સમ્મતિ તર્ક નામક તર્ક-ન્યાયનો ગ્રંથ રચી જૈન મતની સમૃધ્ધિમાં સારો ફાળો ઉમેર્યો. (જુઓ સતીશચંદ્ર વિદ્યાભૂષણ કૃત The History of the medieval School of Indian Logic) વીરાત્ ૫૩૦ વિ. સં. ૬૦માં વિમલસુરીએ પ્રાકૃતમાં "પઉમ ચરિત્રમ્" (પદ્મ ચરિત્ર-જૈન રામાયણ) રચ્યું.

વિ.સં.૧૦૮માં જાવડશા ભાવડશાએ શત્રુંજય તીર્થનો ઉધ્ધાર કર્યો (જુઓ ધનેશ્વરસુરિ કૃત શત્રુંજય મહાત્મ્ય) અને પૌષધશાળા (ઉપાશ્રય)ની સ્થાપના પણ વિ.સં. ૧૦૮ માં પ્રથમ થઈ.

પાટલિપુત્ર જૈન પરિષદમાં જૈન સૂત્રો-આગમો (અંગો) ને બને તેટલાં સંકલિત કરવામાં આવ્યાં હતાં છતાં તે શ્રુતની છિન્નભિન્નતા વધતી ગઈ અને ત્યાર બાદ લગભગ ત્રણસો વર્ષે વીરાત પાંચ કે છઠ્ઠા સૈકામાં આર્ય શ્રી સ્કંદિલ અને વજ્રસ્વામીની નિકટના સમયમાં ભયંકર બાર દુષ્કાળ પડ્યા અને તે પછીના સુકાળમાં મથુરામાં સ્કંદિલાચાર્યના પ્રમુખપદ નીચે સંઘ મળ્યો. આ બીજી

પરિષદમાં જે જે સાંભર્યું તે બધું સૂત્ર સુઘટિત કર્યું. આ ઘટનાને "માથુરી વાચના" કહેવામાં આવે છે. આ વખતે સૌરસેની ભાષાનું મિશ્રણ થતાં પાઠાંતરો વધ્યા.

વીરાત ૬૦૯ (વિ.સં. ૨૩૯) માં દિગમ્બરો અને શ્વેતામ્બરો એમ બે પક્ષ પડ્યા. અને નગ્નવાદ તથા વસ્ત્રવાદની તકરારમાં સામસામા બળનો ક્ષય થવા લાગ્યો. દિગમ્બરો ઉત્તરમાંથી ઉતરી દક્ષિણમાં ગયા અને તેમનું મૌલિક સાહિત્ય મોટે ભાગે આચાર્ય કુંદકુંદ અને સમંતભદ્ર વિગેરેએ ત્યાંજ ઉત્તપન્ન કર્યું. જ્યારે શ્વેતામ્બરો ઉત્તરહિન્દ ઉપરાંત પશ્ચિમ રજપુતાના, ગુજરાત અને સૌરાષ્ટ્રમાં ઉતર્યા. શ્વેતામ્બર સંપ્રદાયની સત્તા ઉત્તર કરતાં પશ્ચિમમાં વધી અને છેલ્લા પંદરસો વર્ષનું તેમનું સાહિત્ય ગુજરાત કાઠિયાવાડમાં મોટા પ્રમાણમાં ઉત્પન્ન થયું.

સમંતભદ્રે વિક્રમના બીજા સૈકામાં "આપ્તમીમાંસા" નામનો મહાન ગ્રંથ રચ્યો અને પોતે વનવાસ સેવતાં વનવાસી કહેવાયા.

વૈદિક દર્શનમાં ન્યાય દર્શનને વિશિષ્ટ સ્થાન મળ્યા પછી ન્યાયદર્શનની તર્કપધ્ધતિનો પ્રભાવ બૌદ્ધ સાહિત્ય ઉપર પડ્યો અને એ બન્નેની મિશ્રિત અસર જૈન વાડ.મય ઉપર થઈ તેથી જૈનાચાર્યો આગમ સિધ્ધાંતની (પ્રાકૃત) ભાષા ઉપરાંત સંસ્કૃત ભાષામાં ગ્રંથો રચવા લાગ્યા.

વિક્રમના પાંચમા સૈકામાં જૈન ન્યાયશાસ્ત્રનો પ્રથમ યુગ ફેલાયો. આ યુગનાં દિગમ્બર સાહિત્યમાં આચાર્ય સમંતભદ્રે તથા શ્વેતામ્બર સાહિત્યમાં આચાર્ય સિધ્ધસેન દિવાકરે તર્ક પધ્ધતિની બલવાન પ્રતિષ્ઠા સ્થાપી. સમંતભદ્રે તત્ત્વાર્થ પર ગંધહસ્તિ મહાભાષ્ય રચ્યું છે કે જેનું આદિ મંગલ હાલ ઉપલબ્ધ આપ્તમીમાંસાદેવા ગમ સ્તોત્ર છે. બાકીનું મળતું નથી. સિધ્ધસેને પણ તત્ત્વાર્થપર ગંધહસ્તિ મહાભાષ્ય રચ્યું હતું, પણ તે મળતું નથી. બન્નેએ પોતાના ગ્રંથમાં જૈન દર્શન, તેના પ્રણેતા અર્હમ્ અને તેનો મુખ્ય સિદ્ધાંત અનેકાંતવાદ એટલાં તત્ત્વોની તર્કપદ્ધતિથી સુક્ષ્મ ચર્ચા કરી અન્ય દર્શનો, તેના પ્રણેતા અને એકાંતવાદનો પ્રતિવાદ કર્યો છે.

સમંતભદ્રની કૃતિઓ : આપ્ત મિમાંસા, મુક્ત્યનુ શાશન અને સ્વયંભૂ સ્તોત્ર છે.

સિધ્ધસેનની ન્યાયાવતાર, સંમતિતર્ક અને ઉપલબ્ધ એકવીસ બત્રીસીઓ છે. બન્નેએ જૈન ન્યાયનું બીજારોપણ કર્યું (જુઓ પં. સુખલાલજીનો "જૈન ન્યાયનો ક્રમિક ઈતિહાસ.")

વિરાત્ ૭૮૪ (વિ.સ.૩૧૪) માં નય ચક્રવાલ નામક પ્રસિધ્ધ ન્યાય ગ્રંથના રચનાર મલ્લવાદીએ વલ્લભીપુરના રાજાને જૈન મતમાં ખેંચી બૌધ્ધોને સૌરાષ્ટ્રમાંથી નસાડ્યા.

વીરાત ૮૮૪માં જૈન સાધુઓના આચારમાં વધુ શિથિલતા આવી અને તેને પરિણામે કેટલાક જૈન સાધુઓ "ચૈત્યવાસી" થયા. (વિ.સં.૪૧૮)

શ્રી મહાવીર પ્રણીત મૂલ માર્ગ-આચાર માર્ગમાં શિથિલતાને લીધે દિગમ્બર અને શ્વેતામ્બર પક્ષ પડ્યા તેમ એ શિથિલતા વૃધ્ધિગંત થતાં ચૈત્યવાસી સાધુઓના શિથિલતા પ્રદર્શક આચાર વિધિઓના નિયમો થયા અને શ્વેતામ્બરોથી ખુલ્લી રીતે જુદા પડ્યા. પછી વીરાત ૮૮૨ કે ૮૮૪ માં તેનું પ્રકટપણે ચૈત્યવાસી નામ પડ્યું. વિ.સ. ૫૩૫માં થયેલા હરિભદ્રસૂરી ચૈત્યવાસ સામે ખુબ ઝઝુમ્યા હતા. ચૈત્યવાસીઓ ચૈત્ય અને મઠમાં વાસ કરે છે, જિન મંદિર અને પૌષધશાળા ચણાવે છે, મંદિરના દ્રવ્ય (દેવ દ્રવ્ય)નો સ્વજાત માટે ઉપયોગ કરે છે, શ્રાવકો પાસે શાસ્ત્રની સૂક્ષ્મ વાતો કહેવા-બતાવવાનો નિષેધ કરે છે, મુહૂર્ત કાઢી આપે, નિમિત્તે બતાવે, રંગેલાં સુગંધિત યા ધુપિત વસ્ત્રો પહેરે, સ્ત્રીઓ સામે ગાય, સાધ્વીઓનું લાવેલું વાપરે, ધનનો સંચય કરે, કેશ લોચ ન કરે, મિષ્ટાહાર મેળવે, તાંબુલ, ઘી, દુધ વગેરે તથા ફળફુલ અને સચિત્ત પાણી વાપરે, અનેક પાત્રાદિ જોડા વાહન રાખે, કેડપર કટિવસ્ત્ર રાખે, તેલ ચોળાવે, સ્ત્રીઓનો પ્રસંગ રાખે, મૃત ગુરૂઓના દાહસ્થળો પર પીઠો ચણાવે, બલિ કરે, જિન પ્રતિમા વેંચે, ગૃહસ્થોનું બહુમાન રાખે, સ્ત્રીઓ સમક્ષ વ્યાખ્યાન આપે, પૈસાથી નાનાં બાળકોને ચેલા કરે, વૈદું-મંત્રાદિ કરે, અનેક ઉજમણાં કરે, સાધુઓની પ્રતિમા વ્રત વિષે ન પાળે વગેરે.

વીરાત્ ૧૦માં સૈકામાં વળી પાછી બાર દુકાળી (ત્રીજીવાર) પડી. આ વખતે ઘણા બહુશ્રુત વિદ્વાનોના અવસાન થતાં જે જીર્ણ શીર્ણ શ્રુત રહેલું હતું તે બહુજ છિન્નભિન્ન થઈ ગયું. આ કાળે શ્રી દેવર્ધિ ગણિ ક્ષમા શ્રમણે વીરાત્ ૯૮૦માં (વિ.સં.૫૧૦માં) શ્રી સંઘના આગ્રહથી બચેલા સાધુઓને વલ્લભીપુરમાં બોલાવ્યા અને તેઓનાં મુખથી અવશેષ રહેલ, ઓછા વત્તા, ત્રુટક અને અત્રુટક આગમના પાઠોને અનુક્રમે પોતાની બુધ્ધિથી સાંકળી પુસ્તકારૂઢ કર્યા.

આવી રીતે મૂળમાં "સિધ્ધાતો" ગણધરોના ગુંથેલા તેનું દેવર્ધિગણિએ પુનઃ સંકલન કર્યું. આ વલ્લભીપુર પરિષદમાં થયેલ સંકલનને "વલ્લભીવાચના" કહેવામાં આવે છે. આ સૂત્રગ્રંથોનું છેલ્લું સંસ્કરણ છે. આ વખતે અત્રે શિલાદિત્ય રાજા રાજ્ય કરતો હતો. આ વખતે અન્ય દેવાયકે રચેલ નંદિસૂત્રમાં જૈનેતર સુત્રનો ઉલ્લેખ છે. ***(ક્રમશઃ)***

॥ નમામિ જ્ઞાતિ મૈયે ॥

# શ્રી સમસ્ત ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજન

કાર્યાલય : C/o. સેક્રેટરી જનરલ, 19-20 મોનાણી સદન, નહેરૂ રોડ, મુલુન્ડ (વે), મુંબઈ-80.
સંપર્ક ફોન : C/o. (022) 25903514-5-6 ● Email : samastmahajan@gmail.com

## જ્ઞાતિ જનજાગરણ અભિયાન
## સંપર્ક સભાઓ – દક્ષિણ ભારત વિસ્તાર

સર્વે જ્ઞાતિબંધુઓ,

સાદર પ્રણામ, જય જિનેન્દ્ર,

સહર્ષ જણાવવાનું કે, કચ્છ, પશ્ચિમ ભારત, મહારાષ્ટ્ર, ઉત્તર ભારત આદિ વિસ્તારોમાં સંપર્ક સભાઓ દ્વારા જ્ઞાતિજનોનો ઉત્સ્ફુર્ત પ્રતિસાદ મેળવી જ્ઞાતિજનોનો સંપર્ક કરી, જ્ઞાતિમાં મહાજન પરંપરાનું મહિમા વધુ ઉજાગર કરી સમસ્ત મહાજનના ઉદ્દેશ્ય-હેતુઓ નેટવર્ક, યંત્રણા અને સમસ્ત જ્ઞાતિને સ્પર્શતા પ્રશ્નો-સમસ્યાઓની ચર્ચા કરી જરૂરી કાર્યોનું આકલન કરવાના પ્રારંભિક પ્રયાસરૂપે જનસંપર્ક અભિયાનને આગળ વધારતાં સમસ્ત મહાજનનું ટ્રસ્ટી મંડળ તા.૪ થી ૧૧ જુન ૨૦૧૨ દરમ્યાન કોચીન, કોઈમ્બતુર, ચેન્નઈ, બેંગલોર, હૈદરાબાદ અને ગદગમાં તે તે સ્થાનિક મહાજનોના સંપૂર્ણ સહયોગે યોજાયેલ બેઠકોમાં જ્ઞાતિજનોને મળી પ્રશ્નો સમજશે અને જ્ઞાતિ પ્રગતિની ચર્ચા કરશે. પ્રવાસ કાર્યક્રમ નીચે મુજબ છે.

આ સભાઓમાં સમસ્ત મહાજનના પ્રતિનિધિઓ/સભ્યો, સ્થાનિક મહાજનના પદાધિકારીઓ/સભ્યો જ્ઞાતિની વિવિધ સંસ્થાઓના પ્રતિનિધિઓ, તથા તે તે વિસ્તારનાં સર્વે જ્ઞાતિજનો ને સહભાગી થવા હાર્દિક આમંત્રણ છે. દરેક બેઠકમાં વધુમાંવધુ જ્ઞાતિ ભાઈઓ, બહેનો અન યુવાઓ જરૂર સમ્મિલિત થાય અને જ્ઞાતિની સ્પર્શતા સામુહિક પ્રશ્નોપર ખુલ્લા મને ચર્ચા કરીએ એવો અનુરોધ છે.

સમસ્ત મહાજન ક્રમશઃ જનસંપર્ક, યંત્રણા, સર્વેક્ષણ આદિ પ્રારંભિક કાર્યવાહી કરી પોતાના કાર્ય માળખાને સુદૃઢ બનાવવા સાથે સમસ્ત જ્ઞાતિની બાબતો અંગે આમ જ્ઞાતિજનને ધ્યાનમાં લઈ. સર્વગ્રાહી કાર્યપધ્ધતિ તરફ આગળ વધી રહ્યું છે. જેના પ્રથમ ચરણમાં જ્ઞાતિના દરેક મહાજનની નોંધણી, તેનો ઇતિહાસ, બંધારણ, સભ્ય સંખ્યા, તેના સંપર્ક સુત્રો, સંચાલક મંડળની યાદી, વિશેષતાઓ અને પ્રશ્નો આદિનું સંકલન કરવા પ્રયત્નશીલ છે.

| તારીખ | સમય | સભા સ્થળ | શહેર |
|---|---|---|---|
| ૫-૬-૧૨ | સાંજે ૬ વાગે | એરનાકુલમ ટાઉન, શ્વે. મુ. જૈન વ્યાખ્યાન હોલ | કોચીન |
| ૬-૬-૧૨ | સાંજે ૬.૩૦ વાગે | ક.દ.ઓ.ભવન,૫ ભારતીપાર્ક, ક્રોસ રોડ નં.૪, સાઈબાબા કોલોની | કોઈમ્બતુર |
| ૭-૬-૧૨ | સવારે ૯ વાગે | શ્રી કે.એલ.તિલકચંદ,૧૦૨-અંકુર ૨૫૨ પુનામલ્લી,હાઈરોડ,કીલ પૌક | ચેન્નઈ |
| ૮-૬-૧૨ | સવારે ૧૦ વાગે | કચ્છીભુવન, કાચીગુડા, | હૈદરાબાદ |
| ૯-૬-૧૨ | સાંજે ૬ વાગે | એકમ ભવન, પ્લોટ ૪૪/બી, ૧લો મેન રોડ, જે.પી. નગર, | બેંગલોર |
| ૧૦-૬-૧૨ | સવારે ૧૦.૩૦વાગે | શ્રી પાર્શ્વ ક.દ.ઓ.ભવન હોલ, | ગદગ |

**નોંધ :** ૧) જે જે મહાજનોના પ્રતિનિધિઓ નિમણુંક કરી મોકલાયા નથી તેમણે તુરંત પોતાની કાર્યવાહી કરી મહાસમિતિ માટે પ્રતિનિધી નીમી મોકલવા વિનંતી છે. ૨) જે મહાજનોનાં સંપર્કના નામ, સરનામા, ફોન, ઈમેઈલ નથી નોંધાયા અથવા તેમાં ફેરફાર થયા હોય તો મોકલવા જેથી સંપર્ક માટે સુવ્યવસ્થા ગોઠવી શકાય. ૩) દરેક મહાજન પોતાની વિગતો મોકલે તો જ્ઞાતિની ઉપલબ્ધતા અને જરૂરીયાતોનું સર્વાંગીણ સર્વેક્ષણ પત્રક તૈયારી કરી યથાયોગ્ય કાર્યદિશાનું આકલન થઈ શકે. ૪) જ્ઞાતિની સર્વાંગીણ પ્રગતિ માટે આપના સુચન આવકાર્ય છે.

આપ સૌના સાથ સહકાર સહ,

**સમસ્ત જ્ઞાતિ મહાજન વતી,**
**ચીમન મોતા (સેક્રેટરી જનરલ)**

**"જ્ઞાતિ મારા માટે શું કરે છે તે નહીં પણ હું જ્ઞાતિ માટે શું કરી શકું એ અમલમાં લાવી કટીબધ્ધ બનીએ.**


## ઝુકી તો જવાય ને !!!

મુંબઈ મહાજન દ્વારા દાતા માતુશ્રી નવલબેન નવિનચંદ્ર ઘરમશી (સુથરી)ના સહયોગે વૃધ્ધપેન્શન યોજના ચાલુ કરવામાં આવી છે. જે અનુમોદનીય છે. આ યોજના પહેલા ડોંબિવલી મંડળ દ્વારા ચાલુ કરાઈ હતી. જેને વિસ્તૃત કરી મહાજનશ્રી દ્વારા ૧૦૦ પરિવાર સુધી લાભ આપવાનું કાર્ય ચાલુ છે.

આ યોજના માટે મહાજન પ્રમુખ શ્રી નયન ભેદા, મંડળના પ્રમુખ શ્રી વિરેન્દ્ર લોડાયા, દાતા પરિવાર વતી કવિતાબેન ઘરમશી, ટ્રસ્ટી શ્રી ચેતન મોતા, રાજેશ છેડા અને વ્ય. સમિતિના સભ્યો કીરીટ છેડા, હરીશ શિયાલ વગેરે ડોંબિવલીમાં જરૂરતમંદ પરિવારોના ઘરે-ઘરે રૂબરૂ પધારી દરેક ઘરમાં વડીલો-વૃધ્ધજનોને મળી એમની સાથે નમ્રતાથી વાતો કરી તેમના સુખ-દુઃખ જાણી એમની જરૂરીયાતો સમજી મહાજન વધુને વધુ પરિવારોને મદદરૂપ થાય એ રીતે સરવે ચાલુ કરેલ. આ પ્રકારે મુલાકાત લઈ સૌના મન જીતી લીધા.

આ કાર્ય માટે ડોંબિવલીમાં સરવે કરવાં મહાજન પ્રમુખ જાતે અલગ-અલગ એરીયામાં જઈ ઘણાં જ્ઞાતિજનોના ઘરે જઈ રૂબરૂ મુલાકાત લીધી હતી. આ કાર્ય માટે મહાજન અને મંડળની ટીમને જેટલી પણ શાબાશી આપીએ એટલી ઓછી છે. દાતા પરિવાર નો પણ ઘણો આભાર. આજે મોંઘવારીના વિકટ સમયમાં વૃધ્ધજનોની સંભાળ લેવા જે ભાવના દર્શાવી જ્ઞાતિઋણ અદા કરી રહ્યા છે તે અનુમોદનીય છે.

– *મીના ભાવેશ મોતા (ડોંબિવલી)*



## કચ્છનું ગૌરવ

લોકપ્રિય સામાજિક કાર્યકર **શ્રી પ્રબોધભાઈ મુનવરને** રાજ્યસરકારે તેમના અવિરત સામાજિક, જીવદયા અને તબીબી સેવાકાર્યોને નવાજીને બિરદાવ્યા છે તે અભિવાદન બદલ હાર્દિક અભિનંદન.

**~ અનુમોદના ~**

**સ્વ. શા. હીરાચંદ ભવાનજી મોમાયા પરિવાર**

(જખૌ-મુંબઈ)


**શુભેચ્છા સહ...**

Laxmichand Dharshi

**MOTA SHIPPING AGENCY**

C.H.A.No.11-0404


## શ્રી સુથરી મહાતીર્થે ચાર્તુમાસ પ્રવેશ તથા પર્યુષણ પર્વ પ્રસંગે પધારવા ભાવભર્યું આમંત્રણ

પ.પુ. તપસ્વીરત્ન અચલગચ્છાધિપતિ આચાર્ય ભગવંત શ્રી ગુણોદયસાગરસૂરીશ્વરજી મ.સા.ના આજ્ઞા અને આશીર્વાદથી પ.પુ.સાધ્વીશ્રી ચંદ્રયશાશ્રીજી મ.સા.ના શિષ્યા પુ.સાધ્વી **શ્રી મહાયશાશ્રીનુ મ.સા.**નો ચાર્તુમાસ પ્રવેશ તા.૨૯-૬-૨૦૧૨ના શુભ દિવસે થશે તો આ પાવન પ્રસંગે સર્વે સુથરીવાસી તથા નિયાણી બહેનોને સહપરિવાર પધારવા ભાવભર્યું આમંત્રણ છે. આપના આગમનની જાણ કરાવીને વ્યવસ્થા જાળવવા સહકાર આપશો. સુથરી તીર્થનો મોબાઈલ નં.097129 89223 છે.

લિ. **શ્રી સુથરી જૈન સંઘના**

**જય જિનેન્દ્ર**

॥ શ્રી શાંતિનાથાય નમઃ ॥

## શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજન-સાંઘવ

આગળની જાહેરાત પ્રમાણે અને એની વિગત મુજબ શ્રી સાંઘવ ગામવાસીઓની એક જનરલ સભા **તા.૨૩-૬-૨૦૧૨**ને શનિવારના સાંજના ૫.૩૦ કલાકે "જૈનમ હોલ" ૧લે માળે, એલ.બી.એસ. રોડ, ભાંડુપ (વેસ્ટ)માં રાખેલ છે. જેમાં નીચેપ્રમાણે એજન્ડા મુજબ કાર્યવાહી હાથ ધરાશે.

**~ એજન્ડા ~**

૧) જુના ટ્રસ્ટમંડળની મુદત પુરી થતાં નવા ટ્રસ્ટમંડળની નિમણૂંક કરવી.

૨) સભા પ્રમુખશ્રીની મંજુરીથી અન્ય જે કોઈપણ રજુઆત થાય તે.

**નોંધ** : કોરમના અભાવે મુલતવી રહેલ સભા એજ સ્થળે અડધા કલાક બાદ ફરી મળશે. જેમાં એજન્ડા મુજબ કાર્યવાહી હાથ ધરાશે જે સૌને બંધનકર્તા રહેશે. ચોવીહારની વ્યવસ્થા રાખેલ છે.

શેઠ **શ્રી ચાંપશી માણેકજી લોડાયા લોખંડવાલા પરિવાર**-ઘાટકોપર ચોવીહારનો લાભ લીધેલ છે.

સર્વે ગામવાસીઓએ પધારવા હાર્દિક આમંત્રણ છે.

લી **શ્રી ક.દ.ઓ. જૈન સાંઘવ મહાજન** વતી

પ્રમુખ **શ્રી મુલજી રાઘવજી લોડાયા**ના જય જિનેન્દ્ર

## કોલાવરી ગાઈંઘલ પણ લાઈનમેં અચીંધા

દુનિયા મેં મારી માડુજે હથમેં કિસ્મતજી રેખા વેતી
કેંજે હથમેં નંઢી ત કેંજે હથમેં વડી કિસ્મતજી રેખા વેતી
રેખા નંઢી વે કે વડી હમેશાં પંઢ પઢ મોં પરચો વતાયતી
માડુજી હેસીયત પ્રમાણે સમય જે હિસાબે મણીકે ખરચો કરાયતી
પણ મુંકે અજ સુધી ઈ ગાલ સમજમેં નાય આવઈ કે
જિન માડુજા હથ જ નતા વેં કુરો ઉન માડુજી કિસ્મત નતી વે!
અગર ઉન માડુજી ક્સિમત આય ત હથજી રેખા નેરેં સેં કુરો ફાયદો?
ઠંડીજે મોસમમેં આગ મથે હથ સેકેજો પાં ફુલા રખોં ઈરાદો
હથ સેકેસેં હથજી રેખા કોય નંઢી-વડી થેવારી નાંય
હથ વેંકે ન વેં, કિસ્મતજી રેખા કોયડીં ભઘલે વારી નાંય
અગર આંકે કિસ્મત જી રેખા ભઘલણી આય ત.. કિસ્મત સાથે લડો
હથ વેં કેં ન વેં પગજી આંગરીએ કલમ પકડીને લખેજો પ્રયાસ કયો
અગર અંઈ પગજી આંગરીથી કલમ પકડી લખઘે સખી વેધાં ત
આંજી કીસ્મત જા સિતારા રાતોરાત હમેશાંલા કરે ભઘલી વેંધા
ચરણ કમલથી લખીને અગર અંઈ પરીક્ષામેં પાસ થઈ વેંધા
ત અંઈ હથ વગર ભી જંગ જીતી સંકોતા ઈ સાબીત કરી દીંધા
તેર હથવારા પણ બોય હથેથી આંકે કંધે તે ઉપાડીને જય જયકાર કઈધાં
અને કોલાવરી ગાઈઘલ પણ માળા પેરાયેલા લાઈનમેં અચીંધા
આંજી જીંદગીજો અંધારોં હમેશા લા કરે વાડ તે લટકી વેંધો
અને પ્રકાશ કિરણ જો નવો સુરજ આંજી જીંદગી મેં અચીંધો

***- ચીમનલાલ ડી. મોમાયા (સેંઘવા)***


**Weight Loss... Weight Loss...**
**V. Care Weight Loss Clinic**

માટુંગામાં અમારા કેન્દ્રમાં હીટીંગ, ઇંચ લોસ, આમ ટક, ટમી ટક, થાઈ ટક, હીપ ટક, બોડી મસાજ, વેકયુમ મસાજ અલ્ટ્રા લીયો લાઈસની ખાસીયત. એક સીટીંગમાં બે ઇંચ ઘટાડો અને ફેસ ટાઇટનીંગ કરી યુવા (Young) બનો. એકવાર પધારી અવશ્ય મુલાકત લો.

**V. CARE SLIM & TRIM CENTRE**

૩૫૧, લીલા નિવાસ, ચંદાવરકર ક્રોસ રોડ,
"પ્રમાણિક"ની પાછળ, માટુંગા (સે.રે.) મુંબઈ-૧૯.
(સમય : સવારના ૯ થી સાંજના ૫ વાગ્યા સુધી)

**સૌ. વૈશાલી ચેતન દંડ** - 09870353509

શ્રી ગોવિંદજી (મંગલભા) ખીમજી દંડ - લાલાના (પુત્રવધુ)


## વખતના વહાણાં વહી ગયા

આનું નામ ઘડી (ઘડિયાળ) છે
ઘડી અબઘડીની વાત કરે છે,
વડીલોની ટકટક ના સહેવાય
આની ટક ટક સામે કશું ન કહેવાય,
મારા ઘરમાં "સ્મીથ"ની ઘડિયાળ હતી
એક દિવસ હું હિંચકે હતો, એ બાપદાદાની વાત કરતી હતી
તમારા દાદા દર અઠવાડિયે મને ચાવી દેતા હતા
મનમાં ગણ ગણ કરતા હતા,
એ સમજતા એ મને ચલાવે છે
ખબર નહીં મારા ડાંટે એ ઘડી ચાલે છે
જેવા મારા ટકોરા પડે,
ઘરમાં શાંતિ આવી ચડે,
હવે જમાનો જુદો આવ્યો
મા બાપની જબાને પણ તાળું લાવ્યો,
જ્યાં એ બોલતા બંધ થયા,
અમો પણ સ્થગિત થયા
ડીજીટલ અમારા શરીરમાં ઘુસ્યું
અમારૂં અવાજ પણ તુંટયું
સાસુ ને હું ચુપ થઈ ગયા
વખતના વહાણા વહી ગયા
વખતે પોતાની ચાલ ન બદલી,
વારા કરા ઉંરે અદલી, બદલી
કચ્છમાં ઘરે ઘર અમે ટીંગાણા
બંધ બારણે અંદર પુરાણાં
માલિકો સૌ દેશાવર ગયા
અમે એકલા ટીંગાઈ રહ્યા
બંધ બારણે અમો ચાલતા રહ્યા
શ્વાસ રોકાણું ને અટકી ગયા,
મરેલા માણસમાં સડું પડે
અમારા પર કરોડીયા ચડે,
ઓમેગા-ટીશોટ-ફાવર બ્યુબા અમારા બાપદાદા કહેવાય
આજે પણ એમના જુના ખોખા મોં માંગે વેંચાય,
કાંટે કાંટે અમે ચલાવતા હતા
ત્યારે સૌ શાંત જીવન જીવતા હતા.
ચાલો, વાતો પુરી કરો.
બહેન, જમવા ટાણું થયું તમે રોટલી વણો

***- અનિલ હીરાચંદ ધુમ (કોઇમ્બતુર)***


શુભેચ્છા સહ....
**શ્રી હીરાલાલ હંસરાજ ડાઘા (માટુંગા-વરાડીયા)**
**અંબા શીપીંગ એજન્સીઝ**
૪૦૧, રાજગોર ચેમ્બર્સ, ૯૯ મસ્જીદ સાઈડીંગ રોડ, મુંબઈ-૯.

## રંગપુરમાં પર્યુષણ પર્વ આરાધના માટે આમંત્રણ

શ્રી ભીંડભજન પાર્શ્વનાથ જિનાલયે રંગપુરમાં પર્યુષણ મહા પર્વ **તા.૧૪-૮ થી તા.૨૨-૮-૧૨** દરમ્યાન અચલગચ્છ સમાચારી અનુસાર ઉજવાશે.

આ પ્રસંગે સર્વે રંગપુરવાસીઓ તથા નીયાણી બહેનોને સહપરિવાર પધારવા હાર્દિક નિમંત્રણ છે સવારના નવકારશી, બપોરના જમણ, ચાપાણી, સાંજના ચૌવિહાર વગેરે વ્યવસ્થા સંઘ તરફથી કરવામાં આવશે. સાધર્મિક ભક્તિનો લાભ નકરાથી લેવા અનુમોદના એક આખા દિવસની સાધર્મિક ભક્તિનો નકરો રૂા.૧૧,૦૦૦/- છે. રંગપુરમાં બારેમાસ ત્રણે ટાઇમ ભોજનશાળા ચાલુ છે અને અતિથિગૃહની સુંદર વ્યવસ્થા છે લાભ લેવા વિનંતી.

**-: નિમંત્રક :-**



**શ્રી રંગપૂર કચ્છી દશા ઓશવાલ જૈન જ્ઞાતિ મહાજન અને**
**શ્રી ભીડભંજન પાર્શ્વનાથ દેરાસરજી અને મહાજનવાડી ટ્રસ્ટ વતીથી**



**શ્રી પંકજ કેશવજી ઘરમશી** (પ્રમુખ) **શ્રી ઠાકરશી ડાહ્યાલાલ ઘરમશી** (ઉપ-પ્રમુખ)
**શ્રી બીપીન પાર્શ્વીર નાગડા** (માનદમંત્રી) **શ્રી અશોક લાલજી લાલકા** (ખજાનચી)
**શ્રી રમેશ દેવચંદ વોરા** (ટ્રસ્ટી) **શ્રી ગુલાબચંદ ત્રીકમજી નાગડા** (સ્થાનક ટ્રસ્ટી)
**શ્રી જીવરાજ ઘરમશી વોરા** (સ્થાનક ટ્રસ્ટી)

ના જય જિનેન્દ્ર વાંચશોજી.

॥ જય માતાજી ॥

# આશાપુરા મિત્ર મંડળ

મોટી સિંઘોડીના કુળદેવી આશાપુરા માને નમતા સમસ્ત **મૈશેરી પરિવાર**ના ભાવિકો...

જય માતાજી. સહર્ષ જણાવવાનું કે મોટીસિંઘોડી ગામના કુળદેવી આશાપુરામાતાને નમતા સર્વે ભાવિકો તથા નિયાણી બહેનોને **પદયાત્રા દ્વારા માતાના મઢે** જવાનું આયોજન કરેલ છે.

આ કાર્યક્રમ મુજબ તા.૧૮-૧૦-૨૦૧૨ના મુંબઈથી ટ્રેન દ્વારા પ્રસ્થાન અને પરત તા.૨૧-૧૦-૨૦૧૨ના ભૂજથી મુંબઈ આવવા રવાના થશું. આ પદયાત્રા માટે વ્યક્તિ દીઠ ચાર્જ રૂા.૫૦૦/- રાખેલ છે. આપના નામ **તા.૧-૬-૨૦૧૨** સુધી નોંધાવી લેજો.

**-: સંપર્ક :-**

| | | |
|---|---|---|
| **મુલુંડ :** | **ભરત નરશી મૈશેરી** | **99204 07373** |
| **મુલુંડ :** | **વિજય શીવજી મૈશેરી** | **93231 52388** |
| **ડોંબિવલી :** | **ચંદુલાલ દામજી મૈશેરી** | **98331 51258** |
| **ડોંબિવલી :** | **ક્રીકેશ ઝવેરચંદ મૈશેરી** | **95947 04931** |
| **ઘાટકોપર :** | **પ્રેમીલા પ્રફુલ મૈશેરી** | **98219 40373** |
| **વાપી :** | **ખુશાલ ઘનજી મૈશેરી** | **99250 21453** |
| **વાશી :** | **દર્શક ખુશાલ મૈશેરી** | **93215 27999** |

**આશાપુરા મિત્ર મંડળના જય માતાજી**

# મુંબઈ મહાજન દ્વારા સંગીતથી સુસ્વાસ્થ્યનો કાર્યક્રમ

મુંબઈ મહાજન દ્વારા શેઠશ્રી નરશી નાથા મેડીકલ ટ્રસ્ટના ઉપક્રમે રવિ. તા.૨૦-૫-૧૨ના સાંજે ષણમુખાનંદ હોલમાં "ધ સાઉન્ડ ઓફ મ્યુઝીક ગીત ગાતા ચલ." સંગીત કાર્યક્રમમાં જ્ઞાતિનાં ઘણાબધા અગ્રણીઓની હાજરી રહી.

પ્રારંભે નવકાર પઠન, અનંતનાથદાદા, મહાકાલીમા અને શેઠ નરશી નાથાને હારારોપણ થયેલ. યતિશ્રી મોતીસાગરજી મ.સા.એ માંગલિક આશિર્વચન આપેલ.

જ્ઞાતિના જ કલાકારોએ ગીત નઝરાણું પ્રસ્તુત કરેલ. કલાકારોને જાણીતા સંગીતકાર શ્રી જયંતિ ગોસરનું કાર્યક્રમમાં દિગ્દર્શન-માર્ગદર્શન રહેલ. સંગતથી સુસ્વાસ્થ વિષેની સમજ (મ્યુઝીક થેરપી) બદલ કાર્યક્રમનાં સંયોજક શ્રી મનીષ ડાગાએ વચ્ચે વચ્ચે માર્ગદર્શન કરેલ અને કાર્યક્રમ પસ્તાવના રાખી. કાર્યક્રમનું સૂત્ર સંચાલન શ્રી વૈભવ મોતાએ કરેલ.

નાના બાળ કલાકારોથી પ્રૌઢ વયના જ્ઞાતિ કલાકારોએ પોતાની સુંદર રજુઆતથી જ્ઞાતિજનોની ચાહના અને પ્રોત્સાહન મેળવેલ.

ટ્રસ્ટના ચેરમેન શ્રી પારસ પદમશી મૈશેરીએ સૌનું સ્વાગત કરેલ અને મેડીકલ ટ્રસ્ટની સવિસ્તર માહિતી અહેવાલ સહ ભાવિ યોજનાઓ વિષે શ્રોતાઓને આયોજન સમજાવેલ.

સંપુર્ણ કાર્યક્રમનું સૌજન્ય ભૂમિરાજ ગ્રુપના શ્રી ભુપેન્દ્ર મુરજી દંડ (લાખાણીયા-નવી મુંબઈ)નું હતું.

પ્રમુખશ્રી નયનભાઈ ભેદાએ જ્ઞાતિજનોનું સ્વાગત કરી જ્ઞાતિમાં મેડીકલ સહાયતા પ્રવૃતિનાં પરીણામો લાવવા માર્ગદર્શન કરેલ અને મહાજનશ્રી અને ટ્રસ્ટની એ બાબતે કટિબધ્ધતા દર્શાવી.

આ પ્રસંગે મહાજનશ્રી તરફથી શ્રી હિતેશભાઈ મોતાનું પાલીતાણામાં શ્રી અજિતશાંતિ પુનઃપ્રતિષ્ઠા મહોત્સવ આયોજનની અનુમોદના માટે અભિવાદન કરાયું અને સ્મૃતિરૂપે બહુમાનપત્ર અપાયું.

કાર્યક્રમનાં સૌજન્યદાતા શ્રી ભુપેન્દ્રભાઈ દંડ અને શ્રીમતિ અનુપમાબેન દંડનું બહુમાન કરાયું અને સ્મૃતિચિન્હ અપાયું.

કાર્યક્રમનાં સંયોજનમાં અગ્રણી ભાગ ભજવી તૈયારી કરવા બદલ જ્ઞાતિના મ્યુઝીકવાદક શ્રી જયંતિ ગોસરનું બહુમાન કરાયું. જાણીતા સંગીતકાર શ્રી આણંદજીભાઈનું બહુમાન કરાયું. ઝી ટી.વી.ના નામાંકિત સંગીતકાર શ્રી સંજય વિદ્યાર્થી અને તેમની ટીમ દ્વારા સંગીતની રસલહાણ પીરસાઈ. શ્રી હિતેશ મોતાના હસ્તે મહાજનશ્રી દ્વારા તેમનું બહુમાન કરાયું.

મ્યુઝીક થેરપીમાં સિતાર વાદન કરનારા શ્રી શશાંક કટ્ટીનું મહાજનશ્રી વતી બહુમાન કરાયું.

દરેક કલાકારને તેમની શ્રેષ્ઠ રજુઆત માટે પારિતોષિક સ્મૃતિચિન્હ આપી નવાજવામાં આવ્યા.

શ્રી જયંતિભાઈ ગોસરે પોતાની સંગીતકલાની શ્રેષ્ઠ ટયુનો રજૂ કરેલ. આ પ્રસંગે શેઠ નરશી નાથા મેડીકલ ટ્રસ્ટ વતી જ્ઞાતિ ડોક્ટરો, મેડીકલ વ્યવસાયિકો અને ઉપયોગી સેવાઓ-ટેલીફોન નં. ડીરેક્ટરી (પોકેટ બુક) પ્રકાશિત કરાઈ.

કાર્યક્રમનાં અંતે લકી ડ્રોમાં ભાગ્યશાળી વિજેતાઓને સમેત શિખરજી યાત્રા-ટીએમટી હોલીડેઝ તરફથી, સોના અને ચાંદીના સિક્કા શેઠ નરશી નાથા મેડીકલ ટ્રસ્ટ તરફથી અને કાંડા ઘડીયાલ શ્રી વીરચંદ નરશી લોડાયા (રાપર-મુલુન્ડ) તરફથી અપાયા હતા.

આ પ્રસંગે ૨૭૦૦ જેટલા જ્ઞાતિજનોએ સંગીતભરી સંધ્યા માણી હતી. આ પ્રસંગે શ્રી ભુપેન્દ્રભાઈ દંડ પરિવારે મહાજનશ્રીને આપેલ દાનની રકમ વધારીને રૂા.૫૦ લાખની કરી હતી અને જરૂર પડયે વધુ યોગદાન આપવા આશ્વાસન આપેલ.

આ પ્રસંગે પ્રમુખશ્રી નયનભાઈ ભેદાએ પણ પોતાના યોગદાનની રકમ વધારી મહાજનશ્રીને વધુ દાન આપવાની જાહેરાત કરેલ.

રૂા.૧.૨૫ લાખનાં દાનની બ્રોંઝ દાતા શ્રેણી ચાલુ કરાઈ જેમાં શુભ શરૂઆત કરતા શ્રી રાહુલ ઘુલ્લાએ નામ નોંધાવેલ.

ષણમુખાનંદ જેવા હોલમાં સુર તાલ સાથે સંગીતથી સુસ્વાસ્થ્યની સફર કરાવતું આ કાર્યક્રમ હાજર રહેલા બધા માટે એક અવિસ્મરણીય સંભારણું બની રહેશે.


**કલા-કસબ અને કલરનો અનોખો સમન્વય**

જ્યોતિ

Silk Saree Emporium

૧૩૪/૩૬, બીજે માળે, ખાદીભંડાર ઉપર,
ખારા કુવા સામે, ઝવેરીબજાર, મુંબઈ-૪૦૦૦૦૨.
ફોન : 22413995 / 22402786
Email : jyotisse@g.mail.com

***Sachi Jari Mate Real Nam***

**મસ્જિદબંદરથી જવેરાત ક્ષેત્રમાં ૫૦ વર્ષની ગૌરવભરી પરંપરા, હવે આપના માટે મુલુંડ લાવ્યા છે...**

**રમણીકલાલ જયંતિલાલ જ્વેલર** વિજય શાહ

A વિંગ, ગ્રાઉન્ડફ્લોર, શૉપ નં.૩, પ્રાણવ કર્મશિયલ પ્લાઝા,
શિવસેના ઓફિસની બાજુમાં, એમ.જી.રોડ,
મુલુંડ (વે), મુંબઈ-૪૦૦૦૮૦.

**ચંદનહાર, જ્વહાર વગેરે જુના દાગીના તેમજ સોનું ખરીદીએ છીએ.**

**શરૂ કરીએ છીએ ગોલ્ડ સ્કીમ**

**૦ા ગ્રામથી લઈ ૧, ૨, ૫, ૧૦, ૨૦, ૨૫, ૫૦ અને ૧૦૦ ગ્રામ સુધીના સોનાના સિક્કા મુંબઈના હોલસેલ ભાવે મુલુન્ડમાં મળશે**

**અમારી વિશેષતા ચાંદીના સિક્કા**

**લગ્ન, જન્મદિવસ તથા ધાર્મિક કાર્યક્રમોમાં પ્રભાવના માટેની ભેટ, ચાંદીની નોટ અમારે અહીંયા ઉપલબ્ધ છે.**

**સંપર્ક : 98201 18781 / 2568 0323**

**બાંધણી સેલ... બાંધણી સેલ...**

"પાલવ" ઉજવે છે કચ્છી હસ્તકલાનો ઉત્સવ...

**૪૦% સુધીના વળતર સાથે મેળવવાના છેલ્લા ૬ દિવસ... પાલવ-મુલુંડ**

બાંધણી-ઘરચોળા, ચણીયાચોલી, ડ્રેસ મેટીરીયલ, બ્લોકપ્રિન્ટેડ ફેબ્રિક, પટોળા અને બોર્ડર

**ડિઝાઇનર બ્લાઉસ, સ્ટીચીંગ અને કલાત્મક એમ્બ્રોઇડરી અમારી વિશેષતા.**

**-: સંપર્ક :-**

**પાલવ (મુલુંડ)**

શોપ નં.૧, ઓ વિંગ, વર્ધમાનનગર, ભક્તિ માર્ગ, મુલુંડ (વે)-૪૦૦૦૮૦.
ફોન: 25616842 / 25906287

(સેલ દરમ્યાન દુકાન રવિવારે પણ ચાલુ રહેશે)

## પ્રથમ પુણ્યતિથીએ ભાવભરી શ્રધ્ધાંજલિ

જન્મ
૧૬-૬-૧૯૭૨



અરિહંતશરણ
૨૫-૬-૨૦૧૧

**સ્વ. જીતેન્દ્ર રજનીકાંત માલદે** (હાલાર-ભરૂડિયા)

યાદ તમારી અમારા દિલમાં, ખોટ હંમેશા વર્તાશે, ન જવાની રજા માંગીને "આવજો" કહી ગયા
એક લાગણીસભર હૃદય તમારું ધબકતું અટકી ગયું, અમને નોંધારા કરી પ્રસ્થાન કર્યું,
વિદાય તમારી હજુ મન સ્વીકારતું નથી,
હૈયામાં વિચારોની વેદના સાથે આપીએ છીએ શ્રધ્ધાંજલિ...
તમારો આત્મા જ્યાં પણ હોય ત્યાં પ્રભુ આપના આત્માને પરમ શાંતિ આપે.. એવી હૃદયપુર્વક પ્રાર્થના...

*અકાળે લીધો તને બોલાવી, ઈશ્વરની વૃતિ છે ન્યારી,*
*અર્પે તુજ આત્માને પરમ શાંતિ, એવી પ્રાર્થના છે પ્રભુને અમારી...*

**-: શોકાતુર :-**

માતા-પિતા : **લક્ષ્મીબેન રજનીકાંત ખીંયશી માલદે**
પત્ની : **જયશ્રી જીતેન્દ્ર માલદે** ● પુત્ર : **પુનિત અને પ્રકાશ**
ભાઈ-ભાભી : **ગીતાબેન વિમલેશ માલદે, સાવિત્રી રમેશ માલદે**
બેન-બનેવી : **ભારતીબેન નિતેશકુમાર સુમરિયા**

**એવમ સમસ્ત માલદે અને લોડાયા પરિવારની અશ્રુભરી સ્મરણાંજલિ**

# માહિતી તંત્રજ્ઞાનનો ઉપયોગ અને જૈન સમાજ

જ્ઞાન જેવી પવિત્ર વસ્તુ આ જગતમાં ક્યાંયે નથી.. જ્ઞાનનું મહત્વ અપરંપાર છે. મનુષ્ય ઉત્ક્રાંતિકાળથી જ કામ-દામ-દંડ-ભેદની નિતી શીખતો આવ્યો અને ઉપયોગ કરતો આવ્યો.. એ સાથે જેમ જેમ જ્ઞાન-વિજ્ઞાન વિકસતું રહ્યું તેમ તેમ એ જ્ઞાન પ્રાપ્ત કરવા અને સમજવા-આચરવા-અનુભવવા માણસજાત પ્રયત્ન કરતી આવી છે. આજે જ્ઞાન-વિજ્ઞાનનું સ્ત્રોત ખુબ ફુલ્યું-ફાલ્યું છે. તેમાં પણ માહિતી તંત્રજ્ઞાને (IT) સમસ્ત બ્રહ્માંડ (વિશ્વ)નું ફલક વિસ્તારીને મુઠીમાં આણી દીધું છે. જો કમ્પ્યુટર ટેકનોલોજી અને નેટ વાપરતા હો તો અવશ્ય અનુભવી શકશો કે "કર લો દુનિયા મુઠ્ઠીમેં..."

ગુરૂ દ્વારા જ જ્ઞાન મળે એ ઉક્તિ અનુસાર સતત વાંચન, મનન, પ્રયાસ અને મહેનત-લગનથી જ્ઞાન મહાસાગર ઉલેચી શકો છો.. હવે એવું નથી કે માત્ર પુસ્તકોમાંથી જ્ઞાન મળશે.. હવે તે આપણી પાસે નવા સ્વરૂપે આવ્યું છે. વળી કઈ માહિતી ક્યા પુસ્તકમાંથી લેશું એ નવો પ્રશ્ન પણ મુંઝવે અને વધુ જહેમત માગી લે છે. પરંતુ હવે એ સમસ્યાનો પણ નવા તંત્રજ્ઞાને ઉકેલ શોધી આપ્યો છે.

વિશાળ લાયબ્રેરીમાંથી આપણને જોઈતી ચોક્કસ માહિતી તંત્રજ્ઞાને આસાન બનાવી છે. "સર્ચ" નામનું ઇન્જીન સાત પાતાળમાંથી (જો એ ઉપલબ્ધ કે અસ્તિત્વમાં હોય તો) શોધી કાઢે છે અને આપણને હાથવગી કરી આપે છે. આ Find out અને search અણમોલ માહિતી સુલભ બનાવે છે. તંત્રજ્ઞાનનો કેટલો જબ્બર વિકાસ છે અને આપણને ઉપયોગી જ્ઞાન અનેકરીતે વર્ગીકરણ કરીને જોઈતી વાત સરળ ઉપલબ્ધ કરી આપે છે. ટુંકમાં કોઈપણ જ્ઞાન મર્યાદિત ન રહેતા તે સૌને ઉપયોગી થવો જોઈએ.

વિશ્વના વિવિધ તત્વો વિષે જાણવા માટે વિવિધ વેબ સાઈટો ઉપલબ્ધ છે. આ www એ સમસ્ત વિશ્વને તમારા ઘરનાં ખુણાંમાં મુકેલા કોમ્પ્યુટર/લેપટોપપર નેટ માધ્યમે લાવી શકાય છે. આ પ્રકારની વેબસાઈટો જરૂરી જ્ઞાનવૃધ્ધિ કરવા સમગ્ર વિષય પર સંદર્ભજ્ઞાન આપે છે. અને માર્ગદર્શક-પ્રેરક બને છે.

આપણે આજે જૈન સમાજ વિષયક વેબસાઈટો વિષે જાણીશું. yahoo, gmail અને એવા અનેક સમુહતંત્રો આ માટે સતત વિકાસ કામે લાગેલા રહ્યા છે. આજે અનેક સુવિધાઓ ઝડપી-જીવંત સંપર્ક રાખવા ઉપયોગી બની રહ્યા છે. એ સાધન જો સકારાત્મક હેતુસર વપરાય તો એક મદદરૂપ બળ ઉભું કરી શકે છે.

જૈન શાસનની વેબસાઈટોમાં જિનશાસનના શાસ્ત્રોનું જ્ઞાન, જૈન તીર્થો, દેરાસરો, ઉપાશ્રયો, અતિથીગૃહો, ભોજનશાળા, સામાયિકો, ટ્રસ્ટો, મંડળો-સંસ્થાઓ સમ્યક જ્ઞાન, સંપ્રદાયો, ગુરૂઓ, અગ્રણી પ્રતિનિધિઓ, જૈન માહિતી લેખો, જૈન સ્થાપત્ય કલા, સ્મારકો અને જૈનીઝમ-જૈન ગાઇડ વગેરે ઉપલબ્ધ છે. કેટલીક જૈન સમાજની લગ્ન સંબંધી પાત્રોની માહિતી પણ છે.

આ માધ્યમે કોઈ પણ આ સાહિત્ય અને સાધનનો યથાયોગ્ય ઉપયોગ કરી પોતાની જાણકારીને વધુ વિસ્તૃત અને વધુ સારી રીતે વિકસાવી શકે છે. આ રીતે જ્ઞાન પ્રસારના આ કાર્યની અનુમોદના થઈ જોઈએ.

**કેટલીક વેબ સાઈટો :**

jainvani.com, jain.org, jainsamaj.org, jain.com, jain2jain.org, adbjai.com, atmasiddhi.com, atmadharma.com, arham.com, digambarjain.com, geocities.com, hindujaintemple.com, imjm.org, jainworld.com, jain.ws, jcnc.org, jcgb.org, jainheritage.com, jirg.ac.in, jainstudy.org, jain-germany.de, jain-astrolgoy.com, jainshala.com, jain2jain.com, jainnews.com, jain22panth.com, jainhistory.faithweb.com, jain-houston.org, jainspirti.com, ahimsa.com, anekant.org, atmavallabh.com, ahmedabadjinalary.org, bhaktisangeet.com, globaijains.com, iaamjv.org, jainmuseum.corn, jain.now.nu, jainmeditation.org, ainteerth.com, jainforum.org, jainism.org, jiva.org, jaina.org, jainojago.com, jainology.org, jain.8m.com, jaindharam.org, jaijnendraa.tdped.com, jaingazette.com, jainnet.com, jainmetrimonial.com, jsgatemple.org, jain-australians.com, jsgatemple.org, nepaljain.com, personal.vsnl.com, shubhlabh.net, smjvalumni.org, sunsite.unc.edu, terapanth.com, terapanthmumbai.com, tirthankar.8k.com, veg.org, vegsource.org, vegeats.com, jain-jan.com, jainpilgdmages.com, jsmw.org, mahavirpuram.org, old.veg.org, samyakinfotech.com, shrimad.org, sjrs.org.sg, terapanth.net, terapanthonline.com, umich.edu, vegsoc.org, vegdining.com, jainjagat.com, jainhedtagecentres.com, gurgaonjainmandir.com

આ ઉપરાંત પણ ઘણી નવી વેબસાઈટો શરૂ કરાઈ હશે જે બાબત કોઇને જાણ હોય તો સર્વજન હિતાય પ્રકાશન માટે મોકલી શકાય છે.

GD

# FORTUNE Financial Services

Presents...

**1 Month of FREE Insurance Related Services just for you**

LIC

- Change of Mode of Payment
- Change of Address
- Change of Nominee
- D.A.B. Alteration (Minor to Major)
- Fresh Nomination
- Loan Against Policy (10%)
- Policy Surrendering
- Policy Transfer
- Duplicate Policy
- Maturity / S. B. Due
- Death Claim

- Mediclaim Pending Claim Cases
- Rules to claim Hospitalisation

**Authorised Premium Collection Centre**

**You are welcome to avail these services absolutely FREE of cost.**

**Offers valid From 9 May to 9 June 12**

**Please meet us at Fortune Financial Services**

**L-29/62, "Dreams" The Mall, Near Station, LBS Marg, Bhandup (W), Mumbai-78.**

**Tel.: 2166 1369 / 96197 11552**

॥ શ્રી કુંથુનાથાય નમઃ ॥

॥ શ્રી મુનીસુવ્રત સ્વામીને નમઃ ॥ ॥ શ્રી અનંતનાથાય નમઃ ॥

## કચ્છ કોટડી મહાદેવપુરી – ગોધરા

**ધ્રોળ પરિવારની શ્રી સચ્ચાઈ માતાજી અને વાછરાદાદાની સાતમી સમુહ પહેડી**

**શુભ દિન :** જેઠ વદ સાતમ રવિવાર **તા.૧૦-૬-૧૨**

**સમય : બપોરના ૩ થી ૯ સુધી**

સંગતસંધ્યા માટે **મનોજ કારાણી અને પાર્ટી** પધારશે.

**શુભ સ્થળ:** સીટી મોલ, માઉલી હોલ, પહેલે માળે, પેંઢારકર કોલેજની બાજુમાં, એમ.આય.ડી.સી., ડોંબિવલી (ઈસ્ટ) ૪૨૧ ૨૦૧.

આ પ્રસંગે ધ્રોળ નુખનાં સર્વે ભાવિકોને અને નિયાણી બહેનોને સહપરિવાર સાથે પધારવા ભાવભર્યું આમંત્રણ છે.

**-: પહેડીના લાભાર્થી :-**


**માતુશ્રી પ્રેમાબાઈ દેવશી શામજી ધ્રોળ પરિવાર**

સૌને જય માતાજી

(પહેડીમાં કાળા વસ્ત્રો પહેરીને આવવું નહિં)

Since 1984...

# Lagna Deep



બી-૧૩, જલારામ આશિષ, દેવીદયાલ રોડ, મુલુન્ડ (વેસ્ટ), મુંબઈ-૪૦૦૦૮૦.
ફોન : ૨૫૬૮૦૮૦૭ (૦૨૨)

**પધારો... અસ્સલ કચ્છીયતના આંગણે...**

**રીયલ હેન્ડ એમ્બ્રોઈડરી, રીઅલ ઝરી, ચોકબંધ ઘરચોળા**

- રીયલ બટકસબની સાડી બોર્ડર • પીટ્ટાતાર ભરતની સાડી
- કસબ અને જીક કસબની સાડી • પારસી વર્ક
- બ્રાઈડલ ચણીયા ચોળી • ડીઝાઈનર સાડી
- પાનેતર • બનારસી ઉપાડા અને ફેન્સી બાંધણી

ઘરચોળાની ટેસ્ટેડ તથા રીયલ બોર્ડરો મળશે.

**(એક્સક્લુઝીવ ડ્રેસ મટેરીયલ)**

**જુના ઘરચોળા લેવામાં આવશે.**

**Mob.: 7666688881**

ગુરૂવાર બંધ

## આરોગ્ય-પ્રકાશ : જોક્સ, હાસ્ય વડે હેલ્થ

*- ડો. વીરચંદ લખમશી નાગડા, MBBS (મુલુન્ડ)*

"હસતો નર સદા સુખી." એ કહેવત સો ટકા સાચી છે. હાસ્યનું મહત્વ આજના આ તાણ-તનાવના જમાનામાં ખૂબજ છે અને એટલે જ દુનિયાએ ૬ મેના "વર્લ્ડ લાફ્ટર ડે" મનાવ્યો.. આપણે એક જ દિવસ નહીં પણ હાસ્યને જીવનભર અપનાવીએ અને સદાય હસમુખ બનીએ, પોતે પણ હસીએ અને બીજાઓને પણ હસાવીએ સદાય હસનારના શરીરમાં સારા હોર્મોન્સ ઉત્પન્ન થાય છે જે શરીરને બિમારીઓથી બચાવે છે, બિમારીઓ હોય તો એની અસર ઓછી કરે છે. સાયકોલોજીસ્ટ સીમા હિંગોરાની અનુસાર હાસ્ય આપણા મન-મગજ માટે કુદરતી ઉપાય છે. જ્યારે આપણે હસીએ ત્યારે જે હોર્મોન્સ ઉત્પન્ન થાય એનાથી આપણને સારૂં લાગે એવી ભાવના ઉત્પન્ન થાય છે. રીસર્ચ એ પણ બતાવે છે કે જ્યારે આપણે હસીએ ત્યારે સ્નાયુ અને મગજનું ઓક્સીજનેશન થાય છે જે શરીરને ફાયદો કરે છે. જે લોકો ખિન્ન રહેતા હોય કે મનમાં ધુંધવાતા હોય અને ફિકર કર્યા કરતા હોય એમણે હાસ્યને એક ટેવ બનાવી દેવી જોઈએ. એમનું આગળ કહેવું છે કે નિરાશા અને ચિંતાને નિયમિત હાસ્યથી દૂર કરી શકાય. "લાફ્ટર ક્લબ"માં એમને એમ હસવાથી પણ ફાયદો થાય છે. હસનાર આ ઉપરાંત પોતાની આસપાસ હાસ્ય અને સારી ભાવના ઉત્પન્ન કરે છે. નિયમિત હસવાથી યાદશક્તિ વધે છે અને કોઈપણ વાત પર ધ્યાન દઈ શકાય-એકચિત્ત થઈ શકાય છે.

દુનિયામાં ઘણી જગ્યાએ "લાફ્ટર ક્લબ"માં લોકો વહેલી સવારે પોતે હસે છે અને આજુબાજુ હાસ્યનું વાતાવરણ સર્જે છે. હાસ્ય એ ઘણી બિમારીઓની દવા છે. આપણો સ્વભાવ હસમુખો હોય તો આપણે નિરોગી તો રહીશું જ સાથે સાથે આપણા મિત્રો, સગાઓ, ઓળખીતાઓમાં "ફેમસ" બનશું. થાણા લીફ્ટર ક્લબના ટ્રેઈનર માધવીનું કહેવું છે કે ૧૦૦ જાતના હાસ્ય હોય છે. રાવણ હાસ્ય એટલે ખડખડાટ રાવણની જેમ હસવાથી પેટની ચરબી ઓછી થાય છે. સિંહગર્જના હાસ્ય "થાઈરોઈડ"ની બિમારીમાં ફાયદો કરે. બીજા હાસ્યોમાં ફાઉન્ટન લાફ, લસ્સી ડ્રીકીંગ લાફ વગેરે પ્રકાર છે. આપણે એની ફિકર ન કરતા દિલથી હસીએ, જેથી આપણને ફાયદો થાય.

હાસ્ય એ આત્માનું સંગીત છે. હાસ્યથી આપણા વિચારમાં હકારાત્મક વલણ આવે છે. હાસ્ય આપણને ખુશમિજાજ વ્યક્તિ બનાવે છે. અમેરિકન પત્રકાર નોર્મન કઝીન્સ કહે છે કે સફળ જીવન માટે હસો, ખૂબ હસો, ખડખડાટ હસો. ચાર લાઈનાવાળા સુરેન્દ્ર શર્મા કહે છે જ્યારે આપણે હસીએ છીએ ત્યારે આપણે ભગવાનની પ્રાર્થના કરીએ છીએ પણ આપણે બીજા કોઈને હસાવીએ છીએ ત્યારે ભગાવન આપણા માટે પ્રાર્થના કરે છે."

*મંદિર તો બહોત દૂર હૈ, વહાં હમસે ન જાયા જાય,*
*ચલો યું કરતે હૈ, કિસી રોતે હુએકો હસાયા જાય....*

શાયરે ખરેખર ખૂબ જ સાચી વાત કરી છે કે કોઈ રડતા માણસને હસાવવું એ ભગવાનની પૂજા કરવા બરાબર છે.

જપાનના લોકોનું સરેરાશ આયુષ્ય ૯૦ વર્ષું છે જે દુનિયામાં સૌથી ઊચું છે આના કારણોમાં બીજા ફેક્ટરો સાથે કોમેડી સભર કાર્યક્રમો અને મનને આનંદમાં રાખવા જ્યાંથી મળે ત્યાંથી હાસ્ય ઉત્પન્ન કરવાની પ્રવૃતિ છે. એક સરવે જણાવે છે કે છેલ્લા ૨ વર્ષમાં બી.પી. ડાયાબિટીઝના દર્દીઓમાં ૩૦%નો વધારો થયો છે. શ્રીમંત, મધ્યમવર્ગથી લઈને ઝુપડપટ્ટીમાં રહેનાર સૌને આ રોગો લાગુ પડયા છે. અયોગ્ય, અપૌષ્ટિક ખોરાક, બેઠાડુ જીવન, મોંઘવારી સાથે કુટુંબના સભ્યોમાં માનસિક તનાવ વધ્યા છે. આ તનાવ દૂર થાય તો પણ ઘણી બિમારીઓ લાગુ જ ન પડે, લાગુ પડી હોય તો એમાં રાહત રહે. હાસ્યથી આપણા મન, મગજ પરની બધી જ તાણ-તનાવ દૂર થઈ જાય છે.

હાસ્ય માટે જોક્સ, ચુટકા, ચુટકુલા એ સૌથી સહેલો માર્ગ છે. શરીર નીરોગી રહે એ માટે યોગ્ય સમયે પૌષ્ટિક આહાર અને યોગ્ય સમયે પાણી પીવાના નિયમ પાળવા જોઈએ.

ગૃહીણી જો સારી, ભાવતી અને પૌષ્ટિક વાનગીઓ ઘરમાં જ બનાવે તો બહારના ચટકોદાર નાસ્તા અને હોટલના જમણની લાલચ જ ન થાય, ઘરના લોકોની બિમારીઓ જ લાગુ ન પડે, શરીર નીરોગી રહે.

કસરત, ચાલવું આરોગ્ય માટે સારૂં છે. રોજ ચાલવાથી ભુખ સારી લાગે છે. પાચન બરાબર થાય છે, ઉંઘ સારી આવે છે, કોલેસ્ટ્રોલ, હાઈ બી.પી., ડાયાબિટીઝ કન્ટ્રોલમાં રહે છે.

જે સ્ત્રીઓ રસોડાના, ઘરના કામ કરતી હોય એમણે અલગથી કસરત વગેરે કરવાની જરૂર નથી. શરીરને પૂરતો વ્યાયામ મળવો જોઈએ.

આરોગ્ય માટે મગજને શાંત-ઠંડુ રાખવું ખુબજ જરૂરી છે. ગુસ્સે થવા કે નારાજ થવાને બદલે પરિસ્થિતિ પ્રમાણે સમસ્યાનો ઉકેલ લાવો.

મગજ અને શરીરના બીજા અવયવોને આરામ માટે ૬ થી ૮ કલાકની શાંત ઉંઘ બહુ જરૂરી છે. ઓછી ઉંઘને લીધે શરીરમાં દુઃખાવો, થાક, ટ્રાયગ્લીસરાઈડ અને બી.પી.માં વધારો અને બીજી બિમારીઓ લાગુ પડે છે.

વ્યસનથી ઘણી બિમારીઓ થાય એટલે નિરોગી રહેવા વ્યસનથી દૂર રહેવું જોઈએ.

આ તો જોક્સના થોડા ઉદાહરણ છે. તમે પણ જુના, નવા જોક્સ, હાસ્ય પ્રસંગો, પીક્ચર ના-સીરીઅલના કોમેડી સીન, ડાયલોગ મમળાવો, ઘરનાઓ, મિત્રો, ઓળખીતાઓ વચ્ચે આપ-લે કરો. હસાવે એવી શાહબુદીન રાઠોડ, સુરેન્દ્ર શર્મા વગેરેની કેસેટો સાંભળો. હાસ્ય, વ્યંગ કાવ્યો, કાર્ટુનો, હાસ્ય કથાઓ વગેરે વાંચો અને હાસ્યને જીવનનું અંગ બનાવો. હસમુખા લોકોની સંગતમાં રહો. હસો, ખૂબ હસો, ખડખડાટ હસો, એટલું હસો કે આંખમાં ખુશીના આંસુ આવી જાય અને મન-મગજ પરની તાણ-ટેન્શન હોય તો ઘટી જાય અને બિમારીઓ દૂર રહે અને હોય તો ઓછી થાય.

માનસિક તાણ, ટેન્શનના પ્રસંગો, ગુસ્સાના, ઈર્ષ્યાના, નફરતના પ્રસંગો ટાળો. હાસ્યને જીવનમાં અપનાવો. હસવાનો મતલબ એ નથી કે આખો દિવસ જોક્સ, ઠઠ્ઠા-મશ્કરી, ટીંગલ કર્યા કરવી પણ ખરેખર મનથી દિલો-દિમાગથી ખુશ રહો. દરેક કામ ઘરના કે બહારના કોઈપણ કામ કરીએ તો એ ખુશીથી, હસતાં હસતાં કરીએ. આપણે પણ ખુશ રહીએ અને બીજાઓને પણ ખુશ કરીએ. આપણે પણ હસતા રહીએ અને બીજાઓને પણ હસાવીએ...


## મુશ્કેલ નથી સાથીની ખોજ

યુવાન દિલોનું દિલ ધડકે, સાથીની ખોજ એમને સતાવે. તો બનો ચિંતામુક્ત હવે. આવો, અસાંજો કચ્છ ડોટ કોમની વેવિશાળ સેવામાં... જ્યાં મળશે પસંદગીનો ફલક વિસ્તાર. તો આજે જ આપ આપના લાડકવાયા પુત્ર/પુત્રીઓનું નામ રજીસ્ટ્રેશન કરાવો.

**સંપર્ક : દિપક કારાણી**

**29674007 / 8 / 9 / 9969674905**

**Registrar online on : www.asanjokutch.com/matrimonials**

## લગ્નસંબંધી


હૈદ્રાબાદ સ્થિત **(નાગડા)** કચ્છી (લાલા), ઉ.વર્ષ ૩૨ (૧૯૭૯) ઉંચાઈ : ૫'-૨", મહિને રૂા.૨૫,૦૦૦/- કમાતા યુવક માટે સંસ્કારી કન્યાના વડિલો સંપર્ક કરે.

**-: સંપર્ક ફોન :-**

**094233 44536 / 090325 64273**


## શ્રદ્ધાંજલિ

જન્મ
૧૪-૭-૧૯૪૦



અરીહંતશરણ
૭-૫-૨૦૧૨

**સ્વ. નવીનચંદ્ર દેવજી મોમાયા**

**(રાણપુર/લાલા - ડોંબિવલી)**

સુની થઈ ગઈ મનની દિવાલો, સુના થઈ ગયા ઘરના આંગણીયાં, પ્રેમથી આવકારો દેનારા હવે નહીં મળે, અમને સમરણ થાય ત્યારે મન મૂકીને રડાવે છે. વ્યવહાર કદી ચુક્યા નહી, ધર્મ કદી ભુલ્યા નહી, મુકી ગયા સ્મરણો એવા રૂડા જેને વાગોળતા રહીશું અમે. પ્રભુ આપના પવિત્ર આત્માને શાંતિ આપે એજ પ્રાર્થના...

**~ શોકાતુર ~**

ધર્મપત્ની : **ગં.સ્વ. મધુરીબેન નવીનચંદ્ર મોમાયા**

પુત્ર-પુત્રવધુ : **સૌ. ભાવના સુરેન મોમાયા ● સૌ. કિરણ ભૂપેન મોમાયા ● સૌ. તેજલ પવન મોમાયા**

પુત્રી-જમાઈ : **સૌ. મનીષા નીરેન નાગડા**

પૌત્ર : **મેહુલ, સંકેત, આગમ** દોહીત્રી : **નીકીતા, જિનીષા**

**માતુશ્રી સ્વ. માનબાઈ દેવજી ખીમજી મોમાયા પરિવાર** - રાણપુર (લાલા)

**સ્વ. કુંવરબાઈ હીરજી નરપાર છેડા પરિવાર** (જસાપર)

## કુળદેવી અંબાઈમાને આહવાન

(રાગ : આદિજિણંદ... આદિજિણંદ બતાવો...)
અંબાઈ મા... અંબાઈ મા... તમે દર્શન દેજો માત
ભક્તો માડી તમને પુકારે આપો આશિર્વાદ
નલિયા ગામમાં તું વસનારી
નાગડા કુટુંબની મા તું રખવાળી
બાલુડા તારા પાયે પડીને વિનવે માડી આજ... ભક્તો
અષાઢી બીજ રૂડી આવી અજવાળી
ગામે ગામથી ભક્તો આવ્યા દોડી
પહેડી કરશું, પ્રસાદ ધરશું, કુળદેવીમાને આજ.. ભક્તો
આસો પાલવના તોરણ બંધાવું
અક્ષત-મોતીના ચોક પુરાવું
દીપ કરું, ધૂપ કરું, પધારો માડી આજ... ભક્તો
સિંહ ઉપર મા સવારી છે તારી
ત્રિશુલ હાથમાં મા તું ધરનારી
નાના આવે, મોટા આવે, પકડજો માડી હાથ... ભક્તો
બાંયે બાજુ બંધ બેરખા સોહે
કંઠે મા નવલખો હાર જ સોહે
કેડે કંદોરો, કાનમાં કુંડલ પગમાં ઝાંઝર સોહાય... ભક્તો
ઢોલ-નગારા શરણાઈઓના સૂરે
તાલીઓના તાલે, સહીયરના સથવારે,
ડાક વાગે, ડમરૂ વાગે, ઝલર ઝમઝમ થાય... ભક્તો

- ***તારામતી એલ. નાગડા*** (ઘાટકોપર)

## એકતા લેન્ડ ડેવલપર્સ-નલીયા

**પાંચમાં લકી ડ્રોનું પરીણામ**

**મુખ્ય ઇનામ**


| ટોકન નં. | ઇનામ | ભાગ્યશાળી વિજેતાનું નામ | ગામ/શહેર |
|---|---|---|---|
| ૯૩ | સ્કુટી | માહી મનીષકુમાર શાહ | જલગામ |

**આશ્વાસન ઇનામો**

| ટોકન નં. | ઇનામ | ટોકન નં. | ઇનામ |
|---|---|---|---|
| ૧૧૩ | રેફ્રીજરેટર | ૨૧૧ | મીક્ષર ગ્રાઇન્ડર |
| ૧૭૯ | માઇક્રોવેવ ઓવન | ૧૦૨ | મીક્ષર ગ્રાઇન્ડર |
| ૫૦ | ડી.વી.ડી. પ્લેયર | ૧૮૧ | મીક્ષર ગ્રાઇન્ડર |
| ૯૭ | સીલીંગ ફેન | ૭૪ | ટ્રાવેલીંગ બેગ |
| ૪૪ | સીલીંગ ફેન | ૨૦૧ | ટ્રાવેલીંગ બેગ |
| ૮૨ | સીલીંગ ફેન | ૦૯ | ટ્રાવેલીંગ બેગ |
| ૬૮ | નોકીયા મોબાઈલ | ૦૫ | ફેમિલી ટીફીન |
| ૧૧૭ | નોકીયા મોબાઈલ | ૧૩૭ | ફેમિલી ટીફીન |
| ૧૦૫ | નોકીયા મોબાઈલ | ૨૭ | ફેમિલી ટીફીન |
| ૧૦૬ | ડીનર સેટ | ૧૫૮ | ઈલેક્ટ્રીક પ્રેસ |
| ૦૧ | ડીનર સેટ | ૫૭ | ઈલેક્ટ્રીક પ્રેસ |
| ૨૦૩ | ડીનર સેટ | ૧૮૨ | ઈલેક્ટ્રીક પ્રેસ |

## પ્રથમ પુણ્યતિથિએ ભાવભીની શ્રદ્ધાંજલિ

જન્મ
૨૭-૧૦-૧૯૫૩



અવસાન
૩૧-૫-૨૦૧૧

**શ્રી વિનોદ ભવાનજી લધાભાઈ લોડાયા** (દલતુંગી-ડોંબિવલી)

કર્મ સદા એવા કર્યા કે, હૃદયમાં સૌના ગુંજ્યા કરે,
દુ:ખથી કદી ડર્યા નહીં, વ્યવહાર કદી ચુક્યા નહી,
ધર્મ કદી ભુલ્યા નહીં, સૌના હૃદયમાં વસતા રહ્યા,
આપની વાત્સલ્યતાની સ્મૃતિઓ આંખો ભીંજવે છે.
આપનો દિવ્ય આત્મા મોક્ષપદને પામો એજ પ્રાર્થના સહ નત મસ્તકે વંદના...

**~ શોકાતુર ~**

ધર્મપત્ની : **પુષ્પા વિનોદ લોડાયા**
પુત્ર : **ધાર્મિક વિનોદ લોડાયા** ભાવિ પુત્રવધુ : **ધર્મિષ્ઠા બકીમચંદ્ર ધરમશી**
પુત્રી-જમાઈ : **હિરલ વિજય ધરમશી ● જિજ્ઞા નીતિન લાલકા** દોહિત્ર-દોહિત્રી : **જીનલ, મિત, રિષભ**
માતા-પિતા : **પ્રેમાબાઈ ભાવનજી લોડાયા**
સાસુ-સસરા : **રાજબાઈ પદમશી લોડાયા ● Rahi Transport**

**વર્ષ વિત્યું પલપલ... યાદ આવો છો હરપલ...**




## આંગી રચનામાં જયણા પાળીએ

અમુક દેરાસરોમાં પર્યુષણ પ્રસંગે સંઘના યુવા કાર્યકરો કે કલાકારો દ્વારા ભગવાનની સુંદર આંગી થાય છે. તે માટે ખાદ્ય પદાર્થો જેવા કે ઘંઉ, ચોખા, દાળ તેમજ સુકો મેવો જેવા કે બદામ, પીસ્તા, કાજુ વગેરેની આંગી રચવામાં આવે છે. આવા ખાદ્યપદાર્થોની સુગંધ કુદરતી રીતે કીડી, મંકોડા, વાંદા, ઉંદર કે અન્ય જીવજંતુને આકર્ષે છે. શક્ય છે કે જંતુઓ કે ઉંદર દેરાસરના ગંભારામાં ઘુસી આવે, તો ત્યાં મળ-મૂત્ર કે ગંદગી કરે અને ત્યાં નુકશાન કરે. ઉંદરોની પલટન આવે તો તબાહી પણ મચાવી શકે છે.

દેરાસરજીની પવિત્રતા અને સુંદરતા જાળવી રાખવા ખાદ્યપદાર્થોની આંગી બનાવવાનું ટાળવું જોઈએ. તેવી રીતે શક્ય હોય તો પર્યાવરણનાં સંરક્ષણ માટે કૃત્રિમ દોરા, રેશમ, સુતર, પ્લાસ્ટીક કે રંગનો ઉપયોગ ટાળવો જોઈએ અને પ્રભુભક્તિમાં વિનય-વિવેક-શાસ્ત્રોક્ત જયણાં જાળવાય તે રીતે આંગી રચના કરવી જોઈએ.

*ડોંબીવલી ૧૫-૫-૧૨ - લહેરચંદ ખેતશી મોતા*

## "અનંતછાયા" જ્ઞાતિપ્રશ્નમાં સમસ્ત મહાજનની જવાબદારી

"પ્ર.સ."ના તંત્રીલેખો અને અન્ય વાંચી એવું લાગે છે કે અનંતછાયાનું રિડેવલપમેન્ટનો પ્લાન જ્ઞાતિજનોને વિશ્વાસમાં લીધા વગર જ લેવાયો છે જેને લીધે સમાજમાં ચર્ચાનો વિષય બની ગયો છે. અનંતનાથજી ટ્રસ્ટીઓ તરફથી કોઈ ખુલાસો પણ કરાયો નથી. આવી પરિસ્થિતિમાં સમસ્ત મહાજનની ભુમિકા અતિ મહત્વની બની જાય છે. અનંતછાયાના રિડેવલપમેન્ટના બધા પાસાઓની તપાસ કરી મહાજનની જનરલ સભા દ્વારા એવો નિર્ણય લેવાય કે જે સમગ્ર જ્ઞાતિના હિતમાં હોય. અપેક્ષા છે કે સમસ્ત મહાજન પોતાની અસ્તિત્વતાનું પ્રમાણ આપશે.

*અમદાવાદ ૨૨-૫-૧૨ - ચંદ્રકાંત દામજી શાહ*

## અનંતછાયાના ભાડુતોને વિનંતી

વર્ષોથી અનંતનાથદાદાની છત્રછાયામાં રહ્યાબાદ આજે તમે સૌ. અનંતનાથદાદા (ટ્રસ્ટ)ની મિલકતના ઓનરશીપ (માલિક) બનવાનું સ્વપનું સેવી રહ્યા છો. આવી લલચામણી લાલચોના શિકાર ન બનતા સમજદારીથી કામ લો અનંતનાથદાદાની સાથે જ આવું કરવાનો આપણને કોઈ હક્ક નથી એમની છત્રછાયા જ આપણા સૌ માટે તારણહાર છે.

ટ્રસ્ટીઓની લલચામણી વાતો કે આશ્વાસનોમાં આવીને કોઈ અયોગ્ય પગલુ ન ભરાય તેની તકેદારી રાખવા ખાસ ભલામણ. આપણા પુર્વજોએ દુરંદેશી વાપરી સમય સમયે મુંબઈ જેવા મોટા શહેરમાં જ્ઞાતિના નબળા-મધ્યમ વર્ગના ભાઈઓને રહેવા માટે રહેઠાણોની વ્યવસ્થાને ધ્યનમાં રાખતાં જગ્યાઓ લઈ રહેઠાણ ઉભા કર્યાને આપણને તેમાં દાદાની છત્રછાયા સાંપડી એ આપણા સૌના સૌભાગ્ય એ ઉપકારનો બદલો આપમે અનંતછાયાની એ જમીન અન્ય ડેવલપરને વેંચીને ક્યાંય જ્ઞાતિદ્રોહતો નથી કરતાને ? જરા વિચારો.

જ્ઞાતિમાં લોભામણી લાલચોનાં આવી આપણે સૌ આથી પહેલાં પણ ઘમી બાબતોમાં ફસાઈ ચુક્યા છીએ. જેવી કે HOPE-1000 કલ્પવૃક્ષ યોજના, ઐકવતા ફાઈનાન્સ, વગેરે આજ દિવસ સુધી એનો કોઈ યોગ્ય ખુલાસો સંચાલકો એ કર્યો હોય એવું જાણમાં નથી. ક્યાં અનંતછાયાનો પ્રશ્ન પમ કોર્ટ-કચેરીના બારમએ ચઢી જાય તો નવાઈ નહીં. આ અંગે સાવચેત રહેવું જરૂરી છે.

## ટ્રસ્ટીઓને ભલામણ

સમસ્ત જ્ઞાતિએ આપ સૌમાં જે વિશ્વાસ દાખવી જે સ્થાને આપને બેસાડ્યા એ સ્થાન અને તેના મોભાની કિંમત જાળવશો આ સ્થાને આપ કિર્તી મેળવ્યા પછી તમે તમારા નથી રહેતાં પણ બીજાના (જ્ઞાતિના) બની જાઓ છો. અને તેથી જ વધુ ચેતતા રહેવાની જરૂર છે. કિર્તીનો ઝંગમગતો મુકુટ તમારા માથાં પર શોભે છે પણ એના ઉપર તમારો અધિકાર નથી એતો જ્ઞાતિ તમારી લાયકાત જોઈને પ્રેમભાવે આપેલી થાપણ છે. એ મુકુટ ધારમ કાર્ય બાદ તમારી સૌની જવાબદારી વધી જાય છે. અને એકવાર માથાપરથી એ તાજ ઉતરી ગયા પછી કોઈ તમારી સામે જોતું પણ નથી.

જ્ઞાતિના વિશ્વાસની કસોટીમાં આપ સૌ ઉત્તિર્ણ થાઓ એજ અંતરની અભિલાષા સાથે અનંતછાયાના વિષયે ક્યાંય તમે સમસ્ત જ્ઞાતિનો વિશ્વાસ તો નથી ખોઈ રહ્યાને એનું ધ્યાન રાખજો.

*હુબલી : ૨૪-૫-૧૨ - શાંતિલાલ રામજી લાલકા*


## શ્રી પ્રબોધ મુનવરને અભિનંદન !



ગુજરાત રાજ્ય સરકારશ્રી દ્વારા આપને સેવાક્ષેત્રનો એવોર્ડ પ્રદાન કરવામાં આવેલ એ બદલ આપને ખુબ-ખુબ અભિનંદન...

**✻ શુભેચ્છુક ✻**

**સૌ. ઉર્મિલાબેન ઉત્તમચંદ મુનવર પરિવાર** (મલકાપુર)
**શ્રીમતી વર્ષાબેન રાજેન્દ્ર નાગડા** (નાંદેડ)
**સૌ. લતાબેન વિસનજી મોતા** (સુરેન્દ્રનગર)
**સૌ. પ્રતિબેન રૂપેન ધુલ્લા** (ઘાટકોપર)

## TEEN TWINKLE

General Knowledge & fun for teenagers.

Mrs. Neelam Dalesh Momaya (Chalisgaon)
**M/s. Damji Bhimji Co.,** Station Road,
Chalisgaon- MH. 424101.

### LESSONS OF LIFE :

**Shri. M. C. CHAGLA**

I realize the supreme importance of tolerance. Tolerance is a quality which is getting rarer and rarer in this world. The true significance of tolerance is the belief in human dignity and the value and importance of the individual, the most important part of the democratic faith.

Another aspect of tolerance is to attach no Importance to the caste or Creed or community to which a man belongs or to the colour of his skin. Life has also taught me humility. We are so proud of our success. We attribute it to our wonderful qualities, our ability, industry and a hundred other things. The only thing , we forget is the important part chance has played in bringing about our success. We do not realize that there are hundreds and thousands with far more superior talent to ours who fell by the wayside because they did not have our opportunities or that circumstances conspired against them. Life, whether a man is successful or otherwise from the wordly point of view, must have a certain quality and that quality can come only from integrity. Integrity is both a quality of the mind and of the soul. Intellectual integrity is the capacity to be objective and dispassionate in the heat and dust of battle in the hurly burly of everyday existence integrity of the soul is the dearest and most precious possession that a man can have. It is in his faith, it is the star by the light of which he steers his life in fair or stormy weather.

### AMAZING FIGURES

The new 700 series shinkansen bullet train, linking Tokyo with Hatak, Fukuoka Perfecture (Japan) can run at top speeds of 285 kilometers per hour. The train, front which in previous series has been bullet shaped has taken on a more rounded appearece like a duck's bill. Designers of this train say this shaped will reduce air resistance. "'a human robot actroid, with a height of 1.58 m and weight of 30 kg, acts like a human being is being developed by a Japanese robot venture kokoro.

At a British university, a fibre optic was made 10 km long and with a thickness of 0.00000001 mm. it is the finest fibre optic in the world.

### AMAZINA FACTS

- A male MARION'S tortoise from the seychelles broke all records by living for 152 years. It was killed accidentally in 1918.

- When they eat their food crocodiles shed tears. Sea creatures squid and octopus swim by squitting out water through a tube in their body.

- Snails can sleep for 3-4 years continuously. While ants never sleep.

### PROVERBS ARE LAMPS TO LIFE

Behaviour is a mirror in which everyone depicts his image.

• when one cannot change a situation, better change oneself.

• If it is difficult to find happiness in oneself, it is difficult to find Anywhere else

**SCHOPENHAUPER**

### WORD POWER

Today's word is **“significant event"**. Make as many words as possible and send to Mrs. Neelam Dalesh Momaya. Sorry for the last week's print mistake of the letter `a'.. The whole word was not printed. But there are entries having the Letter `a' . So we will give a prize to the maximum words. The response to the last word `expertly designed mechanism `was praise worthy. Continue the response to the next words also with the

same enthusiasm. This week's prize goes to Mrs. Jasmine Gosar from Kasarwadi for her 2547 words. Jasmine you really take pains to frame the maximum words. Congratulations. The other entries were from Mrs Manisha Shah from Coimbatore - 1480 words. Congratulations. That was indeed a good job then there was Yogita Gosar from Karanja with 292 words. A little more effort Yogita, Hemal Dharamshi from Belgaum and Charu Nitin Lodaya from Mumbai with 270 words. Congratulations to all of you and thanks. Manisha for the neatest written paper.

**BYE THE BYE**
**MAKE A RULE OF LIFE**

For every ailment under the sun, there is either a remedy or there is none at all; if there is one, try to find it, if there is none, never mind it. Make it a rule of life- never to cross a bridge until you have come to it, never to worry about what you imagine what will happen .....


**સમાજસેવાનું સન્માન**

**શ્રી પ્રબોધભાઈ મુનવરની** જીવદયા, ધાર્મિક અને માનવતાવાદી સમાજસેવાની કદર કરી રાજ્ય સરકારે વિશેષ ગૌરવ પુરષ્કારથી નવાજ્યા છે એ સિધ્ધિ બદલ હાર્દિક અભિનંદન અને શુભેચ્છાઓ.

શ્રી પ્રબોધભાઈએ જ્ઞાતિનું ગૌરવ વધાર્યું છે. જરૂરતમંદોની આ પ્રકારે સેવા કરતા રહો એજ અભિલાષા.

**~ શુભેચ્છક ~**

**શ્રી લક્ષ્મીચંદ લાલજી પોલડીયા (લલાપો) પરિવાર**

**દંડ - ધુલ્લા પરિવારનું ગૌરવ**



વ્હાલી દીકરીને હાર્દિક અભિનંદન

**કુ. ચાંદનિ કેતન દંડ**

(મંજલ, ડોંબીવલી)

ધો. ૯ માં 97% મેળવીને

(Standered First)

આવવા બદલ હાર્દિક અભિનંદન.

-: શુભઆશિશ :-

દાદાણા: સ્વ. અ. સૌ. દમયંતિબેન ગિરીશભાઈ દંડ પરિવાર (મંજલ, ડોંબીવલી)

નાનાણા: અ. સૌ. સરોજબેન મુરજીભાઈ ધુલ્લા પરિવાર (સુમરી, વાશી)

માતા - પિતા: અ. સૌ. નુતન કેતન દંડ (મંજલ, ડોંબીવલી)



**જ્ઞાતિને સ્પર્શતા સમાચારો ટૂંકમાં પાનાની એક બાજુએ સારા અક્ષરે કાર્યક્રમ પૂર્ણ થાય કે તરત લખી મોકલવા વિનંતી.**

## મુંબઈ મહાજન દ્વારા કોમ્પ્યુટર તાલીમવર્ગો

મુંબઈ મહાજનશ્રીના ઉપક્રમે તેની શિક્ષણ સમિતીદ્વારા સમગ્ર બૃહદ મુંબઈ, થાણા અને રાયગઢ જીલ્લાના જ્ઞાતિજનો માટે નિઃશુલ્ક (ફ્રી) બેઝીક કમ્પ્યુટર પ્રશિક્ષણના વર્ગ દરરોજ સાંજે એક સાથે સાત જણાનો એક બેચ એવા બે બેચમાં ચાલુ કરવામાં આવનાર છે. આ પરીણામજનક પ્રવૃતિ જુન ૨૦૧૨ થી શરૂ કરાશે. કોઈપણ વયમર્યાદા કે શિક્ષણના બાધ વિના આ તાલીમવર્ગ ચલાવાશે. બેચ ગોઠવણી માટે વહેલો તે પહેલોના ધોરણે પોતાની પુરી વિગત સાથે નામ નોંધાવવા શ્રીમતિ દિપ્તીબેન ઘરમશી-ફોન : ૦૮૧૦૮૦૩૨૧૦૯ને સંપર્ક કરવા જણાવાયું છે. આ કમ્પ્યુટર તાલીમવર્ગ પ્રારંભે બેઝીક શિક્ષણ માટે રહેશે તે પછી અનુકુળતાએ આગળનાં કોર્સ પણ ચાલુ કરાશે.

આ સમગ્ર પ્રોજેક્ટ માટે મહાજનની વ્ય. સમિતિના સભ્ય શ્રી ગુલાબ ડુંગરશી ઘરમશી (સાંધાણ-મુલુન્ડ) તરફથી તેમની G.D. Fortune Study and Welfare Centre, L-30, ડ્રીમ્સ મોલ, સ્ટેશન રોડ, ભાંડુપમાં એ.સી. ઓફિસ જગ્યા, ફર્નીચર, કમ્પ્યુટર આદિ તમામ સાધન વ્યવસ્થા ઓફર કરાઈ છે. આ પ્રકારે જ્ઞાતિજનોને આજના સમયમાં ઉપયોગી તાલીમ આપી શિક્ષણસ્તર ઉંચે લાવવા ઉમદા પ્રયત્ન થયેલ છે. દાતાપરિવારની ઉદાર ભાવનાની હાર્દિક અનુમોદના.

આ પ્રવૃતિનો શુભારંભ તા.૨૯-૫-૧૨ના ભાંડુપ ડ્રીમ્સ મોલમાં પૂ.યતિશ્રી મોતીસાગરજી મ.સા., દાતાશ્રી ગુલાબભાઈ ઘરમશી, મહાજન પ્રમુખશ્રી નયન ભેદા, એજ્યુસ્પાર્કના શ્રી હેમાંગ ઘરમશી તથા સર્વે પદાધિકારીઓ, સભ્યો, ટ્રસ્ટીઓ અને અગ્રણીઓની ઉપસ્થિતિમાં કરવામાં આવ્યું. આ કમ્પ્યુટર તાલીમવર્ગ સૌને ખુબ ઉપયોગી નીવડશે.

## ધણીબાવા ભાવિક મંડળ-મોટીસિંધોડી

મોટીસિંધોડી ગામે ધણીબાવાના નૂતન સ્થાનકે હાલમાં યોજાયેલ વિધિવિધાન કાર્યક્રમમાં શ્રી દિનેશ લખમશી મૈશેરી (અમદાવાદ)નો સુંદર સાથ સહકાર મળેલ. દાતા પરિવાર અને મંડળ સૌનું આભારી છે.

## જખૌ મહાજનશ્રીનું વહીવટી કાર્યાલય

જખૌ મહાજનશ્રીનું મુંબઈ વહીવટી કાર્યાલયનું સરનામું હવેથી નીચે મુજબ છે તો એ પ્રમાણે સર્વ પત્રવ્યવહાર કરવા જણાવાયું છે. C/o. પ્રમુખ શ્રી ભરત વેરશી જીવાણી, ૨૦૧ તોરલ (હરીહર), શાસ્ત્રીનગર, કોપર ક્રોસ રોડ, KDMC હોસ્પીટલ પાછળ, ડોંબિવલી (વે) ૪૨૧૨૦૨ ફોન : C/o. ૦૯૮૩૩૯૨૧૩૧૩ ઇ મેઇલ : jakhaumahajan@gmail.com

## ડોંબિવલી સુવિધિનાથ જિનાલયે ધ્વજારોહણ

શ્રી અચલગચ્છ જૈન સંઘ, ડોંબિવલીના ઉપક્રમે સંઘના પ્રથમ શિખરબધ્ધ જિનાલયની ૧૪મી વર્ષગાંઠ નિમિતે સુવિધિનાથદાદાના શિખરે ધ્વજારોહણ પૂ.આ.શ્રી કલાપ્રભસાગરસુરીજી આ.ઠા. તથા પૂ. સાધ્વીજી મ.સા.ની પાવન નિશ્રામાં ચતુર્વિધ સંઘના સૌભાગ્યમાં આનંદ-ઉલ્હાસે ધ્વજારોહણ વિધિ થઈ. ૧૭ ભેદીપુજામાં સારી હાજરી અને સંઘ સ્વામીવાત્સલ્ય જમણ હતું. વિવિધ દાતાઓએ દરેક નૂતન ધ્વજાઓનાં લાભ લીધા. વિધિવિધાન શ્રી કેશવજીભાઈ ગડા અને ગીતસંગીત રમઝટ શ્રી મનોજ કારાણી અને મંડળીએ જમાવેલ. ડોંબીવલી સંઘને પૂજ્યશ્રીના પ્રેરક પ્રવચનનો લાભ મળ્યો. બે દિવસનાં રોકાણમાં પૂજ્યશ્રી ઇસ્ટ-વેસ્ટના સર્વે જિનાલયોના દર્શન અને વિવિધ વિસ્તારમાં ભાવિકોને ધર્મલાભ આપેલ. પૂજ્યશ્રી કલવાથી પધારતાં એક દિવસ શ્રી સોમચંદભાઈ લોડાયા (મા ઓમ પરિવાર)ના શીલફાટા વાડી સંકુલમાં રોકાઈને

**ABDASA (KACHCHH) GAUSHALA TRUST**

Trust Regn. No. E–2071 – Kachchh • P. A. No. AABTA 7039 A

C/o. Vipul Shivji Damaji, Village Rapar Gadhwali, Taluka Abdasa (Nalia), Dist. Kachchh (Bhuj), Gujarat State, Pin Code - 370 645 • Tel. : (02831) (952831) 273256

**Mumbai Office :** 602-B, Prem Nagar No. 6, M.C.F. Udyan Marg, Borivali (W), Mumbai - 400 092. Tel. : 2893 6173 / 2890 4500

માંગલિક અને વ્યાખ્યાન લાભ આપેલ. શ્રી સોમચંદભાઈના પરિવારજનોએ પૂજ્યશ્રીઓ અને ભાવિકોના પારણાંની ઉત્તમ વ્યવસ્થા ગોઠવી સંઘપૂજન લાભ લીધેલ.

પૂજ્યશ્રી ત્યાંથી ડોંબિવલી સંઘના ગુણવિહારધામમાં અને સાંજે નવનીતનગરમાં લાભ આપેલ. અનેક સંઘોની વિનંતીઓ છે પણ સમયમર્યાદામાં પૂજ્યશ્રી સતત પરિશ્રમ ઉઠાવી ઉગ્રવિહારે વધુમાં વધુ સંઘોને લાભ આપી રહ્યા છે. આગળ વિહાર કરી નવી મુંબઈ પરિસરમાં લાભ આપી નવકારનાં જાપ મણકામાં ઘાટકોપર નિશ્રા આપવા જશે.

## જલગામ નગરે ચાતુર્માસ વધામણાં

જલગામ શ્વે. મૂ. જૈન સંઘની આગ્રહભરી વિનંતિને માન આપી તપસ્વીરત્ન અચલગચ્છાધિપતિ પૂ.આ.ભ.શ્રી ગુણોદયસાગરસૂરીશ્વરજી મ.સા.ના આજ્ઞાવર્તિની પૂ. જયલક્ષ્મીશ્રીજી મ.સા.ના સુશિષ્યા પૂ. જયદર્શિતાશ્રીજી મ.સા.ઠા.૨ ને જલગામ ચાતુર્માસ માટેની આજ્ઞા આપેલ છે.

જલગામ સંઘના શતાધિક શ્રાવક-શ્રાવિકાઓ વૈશાખ વદ આઠમ રવિવાર તા.૧૩ મે ૧૨ના ચાલીસગામ દર્શન-વંદનાર્થે ગયા હતા. ત્યાં પૂજ્યશ્રીના ચુતર્માસની આનંદ-ઉલાસમય વાતાવરણમાં જય બોલાવી.

પૂ.સા.શ્રી જયદર્શિતાશ્રીજી મ.સા.ઠા.૨ તા.૨૭ જુન ૧૨ના સવારે ૮.૩૦ કલાકે શ્રી સુગનચંદ કે. રાંકાના ઘરેથી શ્રી વાસુપૂજ્ય જિનાલયે ચાતુર્માસાર્થે મંગલ પ્રવેશ કરશે. આ પ્રસંગે સૌને બહોળી સંખ્યામાં પધારી શાશન શોભામાં અભિવૃધ્ધિ કરવા હાર્દિક આમંત્રણ છે.

## અમલનેર

અત્રે તા.૫-૫-૧૨ના મહાકાળી માતાની ભાવના શ્રી તિલક પદમશી લોડાયાના ઘરે ભણાવાઈ. બહેનોએ સારી રમઝટ જમાવેલ. પ્રસાદ લઈ સૌ છુટા પડ્યા.

## શ્રી કાંજુરમાર્ગ ક.દ.ઓ. જૈન સંઘ

પૂ.સા.શ્રી ગુણમાલાશ્રીજી મ.સા.આ.ઠા.ની નિશ્રામાં તેમની ૩૨મી દિક્ષાતિથી નિમિતે અનંતનાથ કોમ્પ્લેક્સમાં ત્રણ દિવસની નાના બાળકોની ધાર્મિક શિબિરમાં બહોળી સંખ્યામાં હાજર નોંધાયેલ. દસ મિનીટમાં ત્રણ ગાથા ગોખવાના પ્રયાસમાં કુ. મધુરીમા મોમાયા, કુ. કિંજલ મોમાયાને પ્રોત્સાહન ઇનામ મળેલ. આ પ્રસંગે દરેકને ₹૩૭ની પ્રભાવના કરાઈ. તા.૧-૬-૧૨થીમાતુશ્રી સોનબાઈ મેઘજી ગોસર (બાયઠ-ઘાટકોપર) પરિવાર હ. પ્રેમીલાબેન તરફથી જ્ઞાનશાળા ચાલૂ કરવામાં આવશે.

## શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજન-ગદગ

ગદગ મહાજનની વર્ષ ૨૦૧૨-૧૪ માટેની વ્ય. સમિતિ નીચે પ્રમાણે ચુંટાઈ છે. પ્રમુખ સર્વ શ્રી ડો. પ્રદીપ સોમચંદ ખોના, ઉપપ્રમુખ વિજય પ્રવીણચંદ્ર લુઠીયા, માનદમંત્રી જીતેન્દ્ર મોરારજી પટેલ, સહમાનદમંત્રી સુધીર જવેરચંદ સોની, કારોબારી સભ્યો સતીષ પ્રવીણચંદ્ર લુઠીયા, ભુપેન્દ્ર સોમચંદ ખોના, વિપીન રતીલાલ મોતા, ભરત લાલજી લોડાયા, સંજય ઠાકરશી મોતા, ભરત ટુંગરશી છેડા, વિપુલ નરેન્દ્ર લુઠીયા, ધરણેન્દ્ર રમેશ લોડાયા, કમલેશ ત્રીકમજી શાહ, કો. ઓપ્ટ સભ્યોઃ આશિષ દિનેશ ધરમશી, હાર્દિક વિજય લુઠીયા, અંકેશ જીતેન્દ્ર પટેલ, ભાવિન હીરાચંદ લોડાયા, સલાહકાર સભ્યો : હરીશ શિવલાલ મુનવર, વિરેન્દ્ર પદમશી લોડાયા, ચંદ્રકાંત લાલજી લોડાયા, નલીન માણેકજી મોતા, દિનેશ કુંવરજી લોડાયા. સમસ્ત કારોબારીને હાર્દિક અભિનંદન.

## કોટડી-ગોધરા ધોળ પરિવાર

ધ્રોળ પરિવારની સમુહ પહેડી બપોરે ૩ થી ૯ તા.૧૦-૬-૧૨ના માઉલી હોલ, પેંઢારકર કોલેજપાસે, ડોંબિવલી (ઇ)માં યોજાયેલ છે. સર્વે ભાવિકો તથા નિયાણી બહેનોને સપરિવાર પધારવા આમંત્રણ છે.

## દ.ભા.ક.દ.ઓ.જૈન એકમ

એકમ કાર્યકારિણી સમિતિની ૬૯મી સભા તા.૨૦-૫-૧૨નાં સવારે ૯.૩૦ વાગે કચ્છી ભવન, બેંગલોરમાં મળેલ. જેમાં ભવનના હિસાબો તથા અન્ય ચર્ચા થયેલ. એકમની વાર્ષિક સામાન્ય સભા તા.૧૫-૭-૧૨ના કચ્છી ભવન બેંગલોરમાં યોજાશે. કાર્યકારિણી સમિતિની ૭૦મી


યાત્રા પ્રવાસ ક્ષેત્રે આધુનિક પ્રણાલીકાઓના પ્રણેતા...
TAN MAN® TOURS & TRAVELS
દાદર મુલુંડ પાર્લા
9323360708 • 25903514-5-6
24160708 • 32960708 • 65005758
tanmantravels@yahoo.co.in

॥ શ્રી ભોમિયાદાદાય નમઃ ॥
તીર્થ યાત્રાઓ અને પર્યટન ક્ષેત્રે
૨૫ વર્ષથી તમારી સાથે...
હોટલ-વાહન-વિમાન ટીકીટોની બુકીંગ અને
ગ્રુપમાં ટેઇલરમેડ ટુરો માટે... તન-મન ટુર્સ

SHIKHARJI Continental
MADHUBAN - JHARKHAND
શીખરજીની સર્વ પ્રથમ અને
એકમાત્ર આપણી પોતાની
★★★જેવી સુવિધાયુક્ત AC હોટલ

સભા તા.૧૪-૭-૧૨ના મળશે. દક્ષિણ ભારત ક્ષેત્રનાં રાજ્યમાંથી જ્ઞાતિનાં આ વર્ષે કે તેની સમકક્ષ પરિક્ષામાં ઉત્તીર્ણ થયેલ વિદ્યાર્થીઓને તેમનાં પરિણામની પ્રમાણિત નકલ એકમના કાર્યાલયે મોકલવા જણાવાયું છે. એકમ ક્ષેત્રનાં બધા જ્ઞાતિ પરિવારોને પોતાના પરિવારની અદ્યતન વિગતો મોકલવા જણાવાયું છે.

### બેંગ્લોરમાં અચલગચ્છ સમુદાયનું પ્રથમ ચાતુર્માસ

અચલગચ્છાધિપતિ પૂઆ.શ્રી ગુણસાગરસૂરીશ્વરજી મ.સા.નું જન્મ શતાબ્દિ વર્ષ ઉજવાઈ રહ્યુ છે ત્યારે પ્રવચન પ્રભાવક મુ.શ્રી દેવરત્નસાગરજી મ.આદિ ઠાણા-૬ કર્ણાટકમાં બીજાપુર-બાગલકોટ-ગદગ-હુબલી-દાવણગિરી-ચિત્રદુર્ગ, દીરીચુર-ટુમપુર થઈ તા.૨૭-૫ના પાર્શ્વ લબ્ધિ ધામે બેંગ્લોર નગર પ્રવેશ કરી રહ્યા છે.

પૂજ્યશ્રીને દીક્ષા સ્વીકાર કર્યાને ૩૦ વર્ષ થયા છે. અત્યાર સુધી ૯૦ જેટલા પુસ્તકોનું લેખન કર્યું છે. ભારતના ૯ રાજ્યોમાં વિહારયાત્રા કરી છે. શત્રુંજય તીર્થે ઉનાળા વેકેશને ૧૫૦૦ બાળકોની યાદગાર ૯૯ યાત્રા કરાવી છે.

પૂજ્યશ્રીનું શ્રી ધર્મનાથ દેરાસર, જયનગર-ખાતે ચાતુર્માસ છે. ચાતુર્માસ પ્રવેશ તા.૨૭ જૂને છે.

સમસ્ત બેંગ્લોરમાં ૧૦૮ માસક્ષમણ તપનું અનુષ્ઠાન કરાવવાની ઉમદા ભાવના સેવી છે. પૂજ્યશ્રી ૨૭ વર્ષ બાદ આ વર્ષમાં ૧૩૦૦ કી.મી.ની વિહારયાત્રા કરી અત્રે પધારી રહ્યા છે. પૂજ્યશ્રી એક સારા પ્રવચનકાર છે. સમાજના દરેક વર્ગમાં, દરેક સંપ્રદાયમાં લોકપ્રિય એવા મુનિશ્રી પોતાની આગવી શૈલીએ સૌને એક કરી ધર્મઆરાધના-અનુષ્ઠાનોમાં સૌને ઉમંગે જોડી રહ્યા છે.

### શ્રી ક.દ.ઓ. જૈન સર્વોદય મંડળ-મુલુન્ડ

મંડળ દ્વારા શૈક્ષણિક સહાય અને એસ.એસ.સી. ઉપરના અભ્યાસ માટે જરૂરીયાત મુજબ જ્ઞાતિનાં વિદ્યાર્થીઓને પાઠ્યપુસ્તકો રાહત ચાર્જમાં આપવા દરવર્ષ મુજબ યોજના છે. જે વિદ્યાર્થીઓ ગયા વર્ષે ચોપડાઓ લઈ ગયા છે, તેમની પરીક્ષા પૂર્ણ થઈ ગઈ હોય તો વહેલી તકે ચોપડાઓ પરત કરવા જણાવાયું છે.

મંડળ દ્વારા યોજાતા સરસ્વતી સન્માન માટે મુલુન્ડમાં વસતા જ્ઞાતિના વિદ્યાર્થીઓ નીચે મુજબ ટકાવારીએ ઉતીર્ણ થયા હોય તેઓ પોતાનાં પરીણામની ઓરીજીનલ કોપી સાથે ઝેરોક્ષ કોપી લઈ મંડળનાં વહીવટી કાર્યાલયમાં તા.૧૦-૮-૧૨ સુધી દર રવિવાર સવારે ૧૧ થી ૧૨ દરમ્યાન ફોર્મ ભરી જવા જણાવાયુ છે. ધો. ૧ થી ૫ માટે ૮૫%, ધો. ૫ થી ૯ માટે ૭૫%, એસ.એસ.સી. માટે ૮૦%, XI અને XII માટે ૭૦% અને એનાથી ઉપર ૬૦% અને હાયર ગ્રેજ્યુએટો માટે ૫૦% સુધીની પરીણામોની નોંધ લેવાશે.

### શ્રી ક.દ.ઓ જૈન જ્ઞાતિ મહાજન-જખૌ

જખૌ મહાજન અને રત્નટુંક દેરાસર ટ્રસ્ટની સંયુક્ત બેઠક તા.૨૨-૫-૧૨ના સાંજે શ્રી હીરાચંદ ખેતશી શિયાડનાં ઘરે મળેલ. જખૌ તીર્થની વર્ષગાંઠ અને ધ્વજારોહણ ઉજવણી કરવાનું નક્કી થયું. તીર્થના અતિથીગૃહ અને ભોજનાલય રસોડાનાં જરૂરી રીપેરીંગ તથા નૂતનીકરણ અંગે ચર્ચા કરી જરૂરી કામ માટે ક્વોટેશન મંગાવી કામ કરવાનો નિર્ણય લેવાયો અને તે માટે ટ્રસ્ટને પુરો સાથ સહકાર આપશે. ચાતુર્માસ આરાધનાનું આયોજન ઘડાયું. પર્યુષણ પ્રસંગે મુંબઈથી સંઘરૂપે જવાનું તથા પર્યુષણના ૧૦ દિવસ માટે વિવિધ સાધર્મિક ભક્તિનાં લાભ વગેરેના નકરા લઈ નામ નોંધવામાં આવશે. આ ઉપરાંત મહાજનશ્રી માટે જનરલ ફંડ તથા ચાતુર્માસ આરાધના ફંડ ઉભું કરાશે. આ માટે સર્વે જખૌવાસી પરિવારો સંઘના ઉત્કર્ષ માટે ઉત્સ્ફુર્ત પ્રતિસાદ આપી લાભ લે એવી અપીલ કરાઈ છે.

### અમદાવાદ પાલીતાણા સિધ્ધગિરીની યાત્રાની ડીવીડી

દેશ-વિદેશથી આવતા યાત્રિકો-ભાવિકો માટે શાશ્વતા ગિરીરાજ સિધ્ધાચલની યાત્રા જેમાં અમદાવાદથી પાલીતાણા તીર્થ યાત્રા પ્રવાસમાં આવતા સર્વે તીર્થોના મહિમા, સ્થળ, ઉપલબ્ધ સુવિધાઓ, અંતર, રૂટમેપ, વિશેષતાઓ વગેરે માહિતી ડી.વી.ડી. રૂપે તૈયાર થઈ ગઈ છે.

આ માર્ગદર્શન રૂપરેખાની ડીવીડી માજીન ફિલ્મ્સ દ્વારા તૈયાર કરાઈ છે. જેમાં અમદાવાદથી હઠીસીંગના દેરાથી યાત્રા પ્રસ્થાન કરતાં સરખેજ, બાવળા, સાવસ્થી,


જ્ઞાતિના સર્વાંગીણ વિકાસ માટે સમર્પિત

**શ્રી નરશી જેઠાભાઈ દંડ પરિવાર**

(વરાડીયા-મલકાપુર)

**M/s. VIRCHAND NARSHI COTTON PVT. LTD.**

**Asia's First ISO 9001:2000 Certified Gin Press**

રાજગૃહી, બગોદરા, લોથલ ફેદરા, ખડોલ, ધંધુકા, તગડી, રોજીદ, અયોધ્યાપુરમ, વલ્લભીપુર, સોનગઢ, કીર્તીધામ, વિદ્યાધામ, શત્રુંજય ડેમ, કદમગિરી, હસ્તગિરી, પાલીતાણા, શત્રુંજય-નવટુંક સહ દર્શનીય ફોટોગ્રાફી, તીર્થના મનોહારી દર્શન, પ્રભાવ મહિમા, વર્ણન, ગુરૂદેવોના આશિર્વચન સહિત અઢીકલાક ચાલનારી ગુજરાતી, હિંદી અને અંગ્રેજીમાં ભાવયાત્રા કરાવનારી ડીવીડી તા.૨૭-૫-૧૨નાં મેરૂવિહાર ધામ-લોલીયા (ધંધુકા)માં પૂ.આ.શ્રી ઇન્દ્રસેનસુરીજીનાં શિષ્યો મુનિ શ્રી લલિતસેનવિજયજી અને ભવ્યસેન વિજયજીની નિશ્રામાં વિધિ તીર્થોના ટ્રસ્ટીઓ, સંઘ કાર્યકરો અને ભાવિકોની હાજરીમાં વિમોચિત કરાઈ.

આ ડીવીડીનું નિર્માણ માજીન ફિલ્મસના સર્વશ્રી અજય જિંદલ, સલીલ સાલ્વનકર, સુમિત બંસલ અને આ સમગ્ર ભાવયાત્રાને પોતાની કલાએ કચકડે કંડારનાર જ્ઞાતિનાં શ્રી સંકેત જીતેન્દ્ર છેડા (સુજાપર-ડોંબિવલી) સંકેત ફોટોઝ આદિ ઉપસ્થિત રહેશે. શ્રી સંકેત છેડા ડીજીટલ ફોટોગ્રાફી, દસ્તાવેજી ફિલ્મો, કાર્યક્રમ જીવંત પ્રસારણ, એનીમેશન આદિ કલાના નિષ્ણાંત છે.

## ક.દ.ઓ. મહિલામંચ ખામગામ/શેગામ

શ્રીમતી ગીતીકા વિકમશીના અધ્યક્ષપદે, ઉપપ્રમુખ સોનલબેન મૈશેરી માનદમંત્રી તૃપ્તીબેન લોડાયા ખજાનચી રશમીબેન દંડ અને મંચના સર્વે સભ્યોના સહકાર અને માર્ગદર્શનથી મંચના ફંડમાંથી ધાર્મિક પ્રવૃતિકાર્યો કરવાના ઉદ્દેશ્યથી મંચ દ્વારા તા.૨૩-૫-૧૨ના શ્રી દે.ખી. મંગલ કાર્યાલયમાં પુ.સા.શ્રી મણીપ્રભાશ્રીજી આ.ઠા.ની પાવન નિશ્રામાં સકલ સંઘ સમક્ષ શ્રી જૈન શ્વેતાંબર મુર્તીપુજક સંઘના ટ્રસ્ટીઓને આયંબીલ ખાતા માટે બનેલા ખાદ્યપદાર્થ ગરમ રાખવા ઇલેક્ટ્રીકલ ઉપકરણ ભેટ આપવામાં આવેલ. આ ઉપરાંત પુજન ખાતે સો નંગ પ્લેટ, વાટકા અને નાની પ્લેટસનો સેટ ભેટ આપવામાં આવેલ.






## શ્રી અરિહંત કો.ઓપ બેન્ક

બેંકના ડાયરેક્ટરોના કન્વેયન્સ એલાવન્સ બાબત વર્ષ ૨૦૦૬ થી ૨૦૧૧ દરમ્યાન થયેલ ચૂકવણી અંગેની રીઝર્વ બેન્ક ઓફ ઇન્ડીયામાં કરાયેલ ફરિયાદના અનુસંધાનમાં કો-ઓપ. સોસાયટીઝના કમીશ્નરે સહાયક રજીસ્ટ્રારને તપાસ કરી અહેવાલ આપવા આદેશ આપ્યો છે.

## સાભાર સ્વીકાર

"સાંયરા સમાચાર" તંત્રી : શ્રી મધુકર શાહ સાંયરા વિકાસ મંડળના આ મુખપત્રનો અંક ક્રમાંક ૨૬ અનેક રીતે વાંચનક્ષમ બન્યો છે. સંપૂર્ણતઃ આર્ટ પેપર પર આકર્ષક છપાઈકામની સ્પર્ધા કરતા હોય તેવા માહિતીપૂર્ણ લેખો જેમાં સાંયરા ગામની વિશિષ્ટતાઓ, ઉપરાંત સંસ્થાની પ્રવૃત્તિઓના અને કચ્છના પણ સમાચારો, વાંચકોના વિચારશીલ મંતવ્યો, હળવા લેખો અને કાવ્ય કર્ણિકાઓ ઇત્યાદિથી દરેકે દરેક પૃષ્ઠ તંત્રીશ્રીની આગવી કલા-કલમ સૂઝની પ્રતિભાત્મક પ્રતીતિ કરાવે છે.

## અનંતનાથજી દેરાસરે મહાકાલીની ભાવના

મુંબઈ અનંતનાથજી દેરાસરજીમાં તા.૧૭-૬-૧૨ના રાત્રે ૮ કલાકે શ્રી ચકેશ્વરીદેવી અને શ્રી મહાકાલીમાની ભક્તિ ભાવના યતિશ્રીની સુખાકારી નિમિતે રાખેલ છે. સૌને પધારવા આમંત્રણ છે. પૂ. યતિશ્રીનું ૨૧-૬ના કાનનું અને ૨૨-૬-૧૨ના પગનાં ઘુંટણનું ઓપરેશન થશે ૮ દિવસ હોસ્પીટલમાં રહેશે. ગુરૂપૂર્ણિમા કચ્છ ભુજપુરમાં ગાદી સ્થાને ઉજવાશે. પૂજ્યશ્રીના નિરામયતા માટે તા.૨૨ થી ૫ દિવસ માતાજીની માળા ગણવા અપીલ કરાઈ છે. પૂજ્યશ્રી તા.૧-૭ પછી ફોન ૯૯૬૯૧૮૪૩૭૭ પર મળી શકશે.

## શ્રી છતીશગઢ કચ્છી જૈન સંઘ

શ્રી કુંથુનાથ જિનાલય-રાયપુરની ૧૧મી વર્ષગાંઠે ધ્વજા મહોત્સવ તા.૭-૫-૧૨ના ઉજવણી કરવામાં આવેલ. સવારના વરઘોડા બાદ સત્તરભેદી પૂજા અને મૂળનાયકની ધ્વજાના કાયમી લાભાર્થી માતુશ્રી નેણબાઈ કેશવજી શિયાડ પરિવાર, શ્રી અચલગચ્છ ગુરૂ મંદિરની ધ્વજાના કાયમી લાભાર્થી માતુશ્રી હીરબાઈ મેઘજી મોમાયા પરિવાર-હૈદ્રાબાદ વતી શ્રી રાયચંદ લખમશી લોડાયા પરિવારે, શ્રી શાંતિ વિજય ગુરૂમંદિરની ધ્વજાના લાભાર્થી શ્રી સોનરાજજી હરખચંદજી કોચર પરિવારે ધ્વજા ચઢાવેલ. શ્રી કુંથુનાથ પ્રભુજીની આરતીનો લાભ ૭૦૧ મણમાં શ્રી પ્રકાશચંદ માલુ પરિવારે, મંગલ દીપક ૭૦૧ મણમાં માતુશ્રી લક્ષ્મીબાઈ માણેકજી મૈશેરી પરિવારે, અચલગચ્છ ગુરૂદેવની આરતી

અને મંગલ દીવો ૩૦૬ મણ માતુશ્રી દેકાંબાઈ નેણશી મોતા પરિવાર (ભારાપારા), શાંતિ વિજય ગુરૂદેવની આરતી અને મંગલ દીવો ૯૦૧ મણ શ્રી કુલિનકાંત ખેતશી જીવાણી પરિવારે લીધેલ. શાંતિકલશ ૭૦૧ મણમાં માતુશ્રી નિર્મલાબેન વીરચંદ છેડા પરિવારે લીધેલ.

એક સ્થાનિક જ્ઞાતિ સભ્યના અવસાનના કારણે સ્વામીવાત્સલ્ય રદ્દ કરવામાં આવેલ. વિધિકાર શ્રી વિમલચંદ ગોલછા અને સંગીત પાર્ટી દ્વારા ભાવપુર્વક પૂજા ભણાવવામાં આવેલ. માતુશ્રી નેણબાઈ કેશવજી શિયાડ પરિવાર દ્વારા ₹૫ની પ્રભાવના કરવામાં આવેલ. જ્ઞાતિજનો સહિત જૈન સમાજના ભાઈઓ સારી સંખ્યામાં હાજર હતા.

### શ્રી છતીશગઢ ક.દ.ઓ. જૈન યુવક મંડળ

તા.૫-૪-૧૨ના મહાવીરજયંતિ ઉત્સવ નિમિતે ભવ્ય રથયાત્રાનું સ્વાગત કરાયું. મહાવીર પ્રભુના ફોટા પર માલાપર્ણ-અતિથિવિશેષ શ્રી રમેશ લક્ષ્મીચંદ ભાટે (અહમદનગર), દીપ પ્રાગટ્ય અતિથિવિશેષ શ્રી હેમંત શામજી મોતા (લોનાવાલા) દ્વારા કરવામાં આવેલ. વરઘોડાનું ભવ્ય સ્વાગત અને છાશ (ઠંડા પીણા)ની વ્યવસ્થા કરવામાં આવેલ. મહાજન પ્રમુખ શ્રી તરૂણ શીવજી લોડાયા, સંઘ પ્રમુખ શ્રી ઉત્તમચંદ ખીમજી મૈશેરી, એકમ પ્રમુખ શ્રી ચંદ્રેશ વીરચંદ છેડા, મહિલા મંડળ પ્રમુખ સૌ. મંજુલાબેન કુલીન જૈન અને યુવા મંડળ પ્રમુખ શ્રી ભાવિક શશીકાંત શાહ હાજર હતા.

શ્રી પ્રવિણ માણેકજી મૈશેરીના પ્રયાસથી રોડમાં થયેલ પ્લાસ્ટીક ગ્લાસના કચરા ને યુવા મંડળના સાથીઓ દ્વારા એકત્ર કરી રોડમાં સાફસફાઈ કરવામાં આવેલ. જેની સરાહના ત્યાંથી પસાર થતાં બધાએ કરેલ. શ્રી મહાવીરજયંતિ ઉત્સવ સમિતિએ પણ અનુમોદના કરેલ.

તા.૪-૫-૨૦૧૨ના યુવા મંડળ યોજીત એક દિવસીય કેમ્પમાં કેક, પાન મસાલા વિ. શિખડાવવામાં આવેલ.

કેક શીખવા માટે સૌ. રાજુલબેન ભૂપેશ શાહ (ધમતરી) તથા પાન મસાલા માટે સૌ. દિપાલી ધનેશ લોડાયા (જલગામ) પધારેલ.

ચાર પ્રકારના કેક અને બે પ્રકારના પાન મસલા શિખડાવવામાં આવેલ બન્ને પ્રશિક્ષકોનું યુવા મંડલ દ્વારા સ્વાગત કરી આભાર માનવામાં આવેલ.

---

### ભુલસુધાર

પ્ર.સ.અંક ૨૦માં પાના નં.૧૬ પર લગ્ન સંબંધી જાહેરાતમાં પાત્રની ઉંચાઈ શરતચુકથી ૪'-૨" છપાઈ છે જે સુધારીને **૫'-૨"** વાંચવી.


### ભાંડુપમાં ત્ર્યાન્હિકા મહોત્સવ

ગોડીજી પાર્શ્વ જિનાલયની ૨૦૦મી સાલગીરાએ, માતુશ્રી ગજરાબેન ગીરધરલાલ પરિવાર તરફથી મુંબઈભરમાં થયેલ ઉજવણી ભાંડુપના નવ સંઘોએ સાથે મળી ત્રણ દિવસ ત્ર્યાન્હિકા મહોત્સવ આદેશ્વર જિનાલયે આરાધ્યો. પ્રથમ દિવસે રાત્રે શેઠશ્રી નરશી નાથા સભાગૃહમાં રાતે સંગીતકાર પ્રદીપ ગેમાવત એન્ડ પાર્ટીએ ગીતોનો રસથાળ પીરસ્યો. રવિવારે ૧૦ થી ૧૧.૩૦ સુધી પાઠશાળાના સોથી વિશેષ બાળકોએ સમુહ સામાયિકની આરાધના કરેલ. જેમાં રૂા.વીસની પ્રભાવના થઈ. સામાયિક શ્રી જીતુભાઈ લોડાયા અને શ્રી લહેરચંદ મૈશેરીએ કરાવ્યું. ત્રીજે દિવસે અગીયાર મહિલા મંડળોએ સાથે મળીને શ્રી પાર્શ્વનાથ પંચકલ્યાણક પૂજા ભાવોલ્લાસે ભણાવી. સૌ માટે ચૌવિહારની વ્યવસ્થા રહી. ૧લી મેના સવારના ૯.૩૦ કલાકે ગોડીજી પાર્શ્વનાથદાદાની રથયાત્રા એલ.બી.એસ. માર્ગે ફરી. ચાંદીના રથમાં ગોડીજી દાદાની છબી લઈને બેસવાનો લાભ સૌ. વિજયનાબેન હરીશ ડાઘા (વરાડીયા)એ લીધો. સ્વામીભક્તિએ ૪૧૦૦ સાધાર્મીકોએ લાભ લીધો. પાઠશાળાના બાળકોએ વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમ રજૂ કરીને સૌને મંત્રમુગ્ધ કર્યા. લાભાર્થી પરિવારે મોકલાવેલ શાકભાજીમાંથી એક સોનેરી કલરના કેપ્સીકમ મરચામાં ધરણેન્દ્ર દેવ દેખાતાં સૌએ અહોભાવે દર્શન કર્યા. આ દશ્ય પ્રથમ વિજય છેડાને પ્રાપ્ત થયું હતું.

સંપૂર્ણ કાર્યક્રમની જવાબદારી શ્રી કુમાર દંડે શ્રી ક.દ.ઓ. જૈન સંઘના સક્રિય કાર્યકરો દ્વારા પાર પાડી હતી. સૌ ભાંડુપવાસીઓએ લાભાર્થી પરિવારની ભારોભાર અનુમોદના કરી.

ગોડીજી પાર્શ્વનાથ દાદાની ૨૦૦મી શાલગીરીની અનુમોદનાર્થે શ્રી અશ્વીનભાઈ વી. મહેતાએ જેમણે સિધ્ધાચલની યાત્રા ના કરી હોય તેવા ઇચ્છુક ૨૫ સાધાર્મીકોને નિઃશુલ્ક યાત્રા કરાવવાની જાહેરાત કરી હતી.

### પાસ થયા – હાર્દિક અભિનંદન !



**કુ. નેહા મહેશ મોતા**
જલગામ
F.Y.J.C. (Sc.) - 85.29%



**કુ. દિશા જીતેશ ધરમશી**
પુસદ (શાળામાં પ્રથમ)
Std. 4th - 97.29%

## નવા/બદલાયેલા સરનામા-ફોન નંબર (પુરું નામ અને નવું સરનામું મોકલવાની સાથે જુનું રદ કરવાનું સરનામું અવશ્ય જણાવવું)

**લહેરચંદ શીવજી લોડાયા** ૬/૧૨૧૪/K5 સનરાઈઝ એપા. ફ્લેટ ૪એ, ઇન્ડીયન ચેમ્બર રોડ, કોચી-682002. ફોન:(0484) 2226087/560103

**રમેશ ચાંપશી મૈશેરી** ૩૦૩-માહુલીકૃપા, ચિંચોલીપાડા, સુભાષ રોડ, ડોંબિવલી (વે.)-૪૨૧૨૦૨ ફોન ૯૮૩૩૭૩૮૨૧૨

## નવા/બદલાયેલા ફોન નંબર (પુરું નામ-હાલનું ગામ સાથે ફોન નંબર આપવું)

વિજય સી. મોમાયા-સોલાપૂર ૦૯૪૨૨૦૬૯૯૬૫ કૌશલ્યા મોમાયા-સોલાપુર ૦૯૩૨૫૬૬૬૧૬૬

## જીવનચક્ર (જીવનચક્ર માટેની વિગત છપાય છે તે પદ્ધતી અનુસાર વ.પ.કુ.નં. સાથે જ મોકલવી)

### જન્મ (બાળકનું નામ નાખ્યા બાદ જન્મનોંધ મોકલો.)

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૨૫-૧-૧૨ | ડોંબિવલી | SUDH061201 | દિવ્યના-પરેશ જયંતિલાલ ધરમશી | સુથરી | કન્યા |
| ૫-૫-૧૨ | હૈદ્રાબાદ | SADD | રૂષભ-જિનેશ દંડ | સાંધવ | પુત્ર |
| ૨૬-૪-૧૨ | ડોંબિવલી | SULO130204 | ક્રીસ-જીગર લાલજી લોડાયા | સુથરી | પુત્ર |
| ૪-૪-૧૨ | મુલુન્ડ | MJDD0901 | મંતવ્ય-તુષાર મધુકાન્ત દંડ | મંજલ | પુત્ર |
| ૨૭-૪-૧૨ | મુલુન્ડ | KUNG010103 | ચિરાગ-કિશોર ભારમલ નાગડા | કુવાપધ્ધર | પુત્ર |
| ૩-૫-૧૨ | રાયપુર | NLNG161204 | રાહુલ-ભરત પાંચશી નાગડા | નલીયા | પુત્ર |
| ૯-૫-૧૨ | રાયપુર | SIMO180603 | ભવ્ય-સુચિત મણીકાંત મોમાયા | સાંયરા | પુત્ર |
| ૮-૫-૧૨ | ધમતરી | JKSL041301 | યશ-ચંદ્રેશ બંકિમ શિયાડ | જખૌ | પુત્ર |

### સગપણ

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૨૨-૫-૧૨ | ઘાટકોપર | RPMT052104 | પુનીત આણંદજી મુલજી મોતા | રાપરગઢ | ૨૯ |
| | મુલુંડ | RPLO020504 | ખુશ્બુ (જીગના) વીરચંદ નરશી લોડાયા | રાપરગઢ | ૨૬ |

### આંતરજ્ઞાતિય સગપણ

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૧૩-૫-૧૨ | પુસદ | SUDH040803 | સુરજ બીપીન વેલજી ધરમશી | સુથરી | ૩૩ |
| | નાગપુર | A | દીપ્તી ધર્મેન્દ્ર મજેઠીયા | ભાવનગર | ૨૭ |
| ૧૭-૫-૧૨ | મસ્જીદ | NLMA010303 | બંટી દિનેશ દામજી મૈશેરી | નલીયા | ૨૭ |
| | બોરીવલી | A | હીરલ નવીન પૂજા આનંદ ગલીયા | લુણી | ૨૨ |
| ૨૨-૫-૧૨ | ડોંબિવલી | SMLO030404 | હેમાંગ ભરત ભવાનજી લોડાયા | મોટીસિંધોડી | ૨૩ |
| | ડોંબિવલી | A | જેમીની નવીનચંદ્ર પાલણ ગડા | મોટા લાયજા | ૨૧ |

### લગ્ન

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૧૩-૪-૧૨ | ચાલીસગામ | SIMO071003 | ભાવેશ નિશાંત લાલજી મોમાયા | સાંયરા | ૨૪ |
| | દાવેણગિરી | NLLO140801 | સ્નેહા શિરીશ કિશોરચંદ લોડાયા | નલીયા | ૨૨ |
| ૧૫-૪-૧૨ | કોચીન | NLKN010503 | સંદીપ દિલીપ દેવશી ખોના | નલીયા | ૩૦ |
| | ડોંબિવલી | NLMT050703 | વિનાલી ચંદ્રકાંત માણેકજી મોતા | નલીયા | ૨૭ |

### આંતરજ્ઞાતિય લગ્ન

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૨૪-૪-૧૨ | માટુંગા | A | પ્રતિક જયેન્દ્ર ધ્રુવ | પોરબંદર | ૨૭ |
| | મસ્જીદબંદર | KUMA010404 | અમીષા અરવિંદ રાયચંદ મૈશેરી | કુવાપધર | ૨૭ |
| ૧૪-૪-૧૨ | કોચીન | NLLO150404 | નિરજ પ્રવીણ શીવજી લોડાયા | નલીયા | ૨૫ |
| | કોચીન | A | ઉર્વિશા બિપીન પુંજાભાઈ પટેલ | આણંદ | ૨૪ |
| ૩૦-૫૧૨ | બિલાસપુર | A | ડૉ. વિક્રાંત ત્રિવેણી દ્વારિકાજી ઘોરે | - | ૨૭ |
| | ધમતરી | JKSL041603 | ડૉ. હેમલ તરૂણ પ્રેમજી શિયાડ | જખૌ | ૨૬ |

### છુટા છેડા

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૨૦-૩-૧૨ | આદિપુર | SULO011504 | રાહુલ નવીનચંદ્ર ચાંપશી લોડાયા | સુથરી | ૨૬ |
| | યવતમાલ | NLDH012603 | જેસલ હિતેન્દ્ર વર્ધમાન ધરમશી | નલિયા | ૨૩ |

### મરણ

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૨૨-૫-૧૨ | રાયપુર | SNMA012302 | હંસાબેન હિરાચંદ કુંવરજી મૈશેરી | નાનીસિંધોડી | ૪૯ |
| ૭-૫-૧૨ | બાંઢીયા | BDDU010301 | પદમશી વીશનજી કેશવજી ધુલ્લા | બાંઢિયા | ૯૬ |

## પ્યારા મમ્મી–પપ્પા ને ૩૦ વર્ષના દામ્પત્ય જીવનનાં ખુબ ખુબ હાર્દિક અભિનંદન...



**શ્રી લબ્ધિકુમાર ભવાનજી મોમાયા   અ.સૌ. સીમા લબ્ધિકુમાર મોમાયા**

(મોટીસિંધોડી - ગાંધીધામ)

મુશ્કરાહટ કા કોઈ મોલ નહીં હોતા કુછ રીસ્તોં કા કોઈ તોલ નહી હોતા
યું તો હર મોડ પર મિલ જાતે હૈ ઈન્સાન લેકીન હર કોઈ આપકી તરહ અનમોલ નહીં હોતા...

**શુભેચ્છાની ગુલછડી**

**અ.સૌ. ડોલી (હીના) સ્વરાજ મોમાયા**

મારા દાદા-દાદીને ખુબ ખુબ પ્યારભર્યા અભિનંદન - **સાક્ષી**

**સૌ. વિધાતા પ્રજ્ઞેશ મોતા** (કુવાપધ્ધર-ડોંબિવલી)

મારા નાના-નાનીને ખુબ-ખુબ હાર્દિક અભિનંદન - **આશી**

## પ્રથમ માસિક પુણ્યતિથીએ શ્રધ્ધાંજલિ...

જન્મ
૨૮-૧૦-૧૯૭૮



સ્વર્ગવાસ
૨૫-૪-૨૦૧૨

*જિંદગીની પળો બહુજ જલ્દી પૂરી થઈ*
*વિદાય બેના તારી કેમ અણધારી થઈ?*
*જીવન નાનકડું હસતા હસતાં જીવી ગઈ.*
*સ્નેહની સૌરભ ચારેકોર ફેલાવી ગઈ.*
***ઍમી** જેવી નાનકડી કળી આપી ગઈ*
*એના રૂપમાં સ્વની સ્મૃતિ મુકી ગઈ !*

**સ્વ. મિતા શરદ પદ્મનાથન્**

(કલીકટ)

શ્રી રાયચંદ ગોવિંદજી મોમાયાની સુપુત્રી

(સાંયરા-કલીકટ)

**શોકાતુર બહેનો**

ધનલક્ષ્મી અશોક સોની (પરભણી)
જ્યોતી નિતિન ધરમશી (આણંદ)
અરુણા તિલોકચંદ લાલકા (સોલાપુર)
દિપ્તી નિરંજન લોડાયા (અંજાર)
માલા માણીકાંત લોડાયા (હુબલી)
ચેતના હિરેન શિયાડ (માલેગામ)
જીગ્ના જતીન ખોના (ડોંબિવલી)

C. D. O. Prakash Samiksha R.N.I. No.MAHGUJ/1998/04640
Regd. No.MH/MR/East/53/2012-14
Posting : Monday / Tuesday Posted at Mumbai Patrika Channel Sorting Office, Mumbai-400 001.

# પાંચમી પુણ્યતિથીએ હૃદયાંજલિ...



## ગં.સ્વ. દેવકાબાઈ ડુંગરશી મૈશેરી (જખૌ-મુંબઈ)

(અરિહંતશરણ : ૨૬-૫-૨૦૦૭)

વટવૃક્ષ સમાન વિશાળ કુટુંબમાંથી આપની અણધારી વિદાય ભુલાતી નથી. સમય સરતો જાય છે.
પણ આપની યાદ સરતી નથી. આપની હયાતી અમારી પ્રેરણા હતી. સત્કાર્યો આપની શોભા હતી.
પ્રસન્નતા આપનું જીવન હતું. વ્યવહાર આપ કદી ચુકયા નહીં,
કરૂણાભીની જેમની આંખો હતી. વાત્સલ્યસભર જેમનું હૃદય હતું.
પ્રેમાળ જેમનું સ્મિત હતું. આશીષ જેમનાં શબ્દ હતા.
મમતા જેમનું મંદિર હતું. ધર્મ અને કર્મ જેમનું કર્તવ્ય હતું.
પરિવાર જેમને પ્રિય હતું. સ્નેહ જેમની સખી હતી.
સહુના દિલમાં જેમનું સ્થાન હતું. સુખ-દુઃખમાં સદા હસતા રહ્યા.
એવા આપના દિવ્ય આત્માને શાશ્વત શાંતિ મળે અને મુક્તિપંથના યાત્રી બનો.
એવી પરમ કૃપાળુ પરમાત્માને પ્રાર્થના...

**શોકાતુર**

**શા. ડુંગરશી રાયશી મૈશેરી સમસ્ત પરિવાર (જખૌ)**
**શા. ટોકરશી રતનશી લોડાયા સમસ્ત પરિવાર (વારાપધ્ધર)**
**એવમ્ સમસ્ત પતાણી પરિવાર (વારાપધ્ધર)**
**આશાપુરા રોડલાઈન્સ - મુંબઈ**

To,

If undelivered, please return to :
**C.D.O. PRAKASH SAMIKSHA,** C/o. Shri. R.R. Nagda, 29/41 Tamarind Lane, Rajabahadur Compound, Near Stock Exchange Bldg., Fort, Mumbai - 400 001.
Printed & Published by **JAYANT V. CHHEDA** on behalf of **C.D.O. PRAKASH SAMIKSHA SAMITI** and Printed at SUMANGAL ARTECH, Plot No.G-8, Cross Road, 'A' M.I.D.C. Andheri (East), Mumbai - 400 093 and Published from 115, Tirupati Industrial Estate, Subhash Nagar, Village Road, Bhandup (West), Mumbai-400 078.
Editor : **Raichand R. Nagda**